## ગુજરાત પુસ્તકાલય મંડળ, અમદાવાદ-વડોદરાના હોદ્દેદારો



શ્રી ભાથીભાઈ કે. ચૌધરી
પ્રમુખ



શ્રી અવિનાશભાઈ મણિયાર
અદયક્ષ



શ્રી જસવંતભાઈ એમ. પટેલ
મહામંત્રી

**"ગુજરાત ગ્રંથાલય સેવા ગ્રંથ"ની ખૂબ ખૂબ શુભેચ્છાઓ.**



ગુજરાત પુસ્તકાલય મંડળ અને ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ.ની સામાન્ય સભામાં ગુ.ગ્રં.સે.સંઘના પ્રમુખ શ્રી પંકજ બાવિશી અતિથિવિશેષ પદે હતા તેમનું સ્વાગત કરતાં શ્રી ગોવિંદભાઈ ચૌધરી



ગુજરાત પુસ્તકાલય મંડળના આગામી પ્રમુખ તરીકે વરાયેલા શ્રી ભાથીભાઈ ચૌધરીને ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ વતી શુભેચ્છા પાઠવતા સંઘના પ્રમુખ પંકજભાઈ બાવિશી સાથે સંઘના હાલના કારોબારી સભ્યશ્રી શાન્તિભાઈ ઠક્કર નજરે પડે છે.

મોકલનાર :
પંકજકુમાર એમ. બાવિશી (પ્રમુખ)
ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ
૫-મનીષ સોસાયટી,
સુંદરનગર પાસે, અંકુર રોડ,
નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.
મો. : ૬૩૫૧૪૦૫૭૨૭

બુક-પોસ્ટ - પ્રિન્ટેડ મેટર



॥ संघात् सखायते सन्धि॥ ISSN : 0970 - 5244

સ્મરણાંજલિ અંક

# ગ્રંથાલોક


સ્મરણાંજલિ અંક

તંત્રી : શ્રી પંકજભાઈ એમ. બાવિશી
વર્ષ : ૪૨ અંક - ૪ ગુજરાત ગ્રંથાલય સેવા સંઘનું ત્રિમાસિક સંપર્ક પત્ર ઓક્ટોમ્બર થી ડિસેમ્બર - ૨૦૨૦

## સ્મરણાંજલિ - ભાવાંજલિ - આદરાંજલિ - પુષ્પાંજલિ - શ્રધ્ધાંજલિ









સ્વ. કિરીટભાઈ કે. ભાવસાર
પૂર્વ પ્રમુખશ્રી
જન્મ તારીખ :- ૧૦-૧૨-૧૯૩૮
અવસાન તારીખ :- ૧૯-૧૨-૨૦૧૯

સ્વ. રમણલાલ એલ. પટેલ
પૂર્વ ઉપપ્રમુખશ્રી
જન્મ તારીખ :- ૨૭-૦૯-૧૯૪૬
અવસાન તારીખ :- ૦૫-૦૯-૨૦૨૦

ફોન : પંકજભાઈ એમ. બાવિશી (પ્રમુખ) : ૬૩૫૧૪૦૫૭૨૭
રમણલાલ એલ. પટેલ (ઉપપ્રમુખ) : ૯૩૭૫૧ ૭૧૬૧૭ કિરીટભાઈ બી. ગંધકવાલા (મંત્રી) : ૯૮૭૯૯ ૫૩૯૬૬
હિમાંશુભાઈ પાંધી (ખજાનચી)મો. ૯૪૨૭૨૦૭૫૬૫

ખૂબજ અગત્યનું ☞ ગુજરાત ગ્રંથાલય સેવા સંઘની નવી વેબ સાઈડ અને ઈ.મેલ
☞ Websie : www.gujaratgranthalayasevasangh.in
☞ Email : gujaratgranthalayasevasangh@gmail.com
વધુ માહિતી માટે ☞ હિમાંશુભાઈ પાંધીનો સંપર્ક કરવો મો. ૯૪૨૭૨૦૭૫૬૫

પ્રકાશક : પ્રમુખ, પંકજભાઈ બાવિશી, ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ
૫ - મનીષ સોસાયટી, સુંદરનગર પાસે, અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩. (ગુજરાત)
(મોબાઈલ - ૬૩૫૧૪૦૫૭૨૭)

# અભ્યાસનિષ્ઠ ગ્રંથપાલની વિદાય

## સ્વ. કિરીટભાઈ કાંતિલાલ ભાવસાર

ગાંધીવાદી વિચારસરણીને વરેલા કર્તવ્યપરાયણ અભ્યાસનિષ્ઠ ગ્રંથપાલ શ્રી કિરીટભાઈ ભાવસારે (જન્મ : ૧૦-૧૨-૧૯૩૮, અમદાવાદ, સ્વ. ૧૯-૧૨-૨૦૧૯, અમદાવાદ) આપણી વચ્ચેથી વિદાય લીધી. એમના અવસાનથી ગુજરાતના ગ્રંથાલય જગતને ખૂબ મોટી ખોટ પડી છે. ગૂજરાત વિદ્યાપીઠના સંનિષ્ઠ ગ્રંથપાલ તથા ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાનના એક પ્રતિબદ્ધ અધ્યાપક તરીકે તેઓ હંમેશાં યાદ રહેશે. ગૂજરાત વિદ્યાપીઠના ગ્રંથાલયમાં પ્રવેશો એટલે સરળ, શાંત કિરીટભાઈ વાચકો, પુસ્તકો અને વિદ્યાર્થીઓથી ઘેરાયેલા હોય. સૌને સતત સહાયભૂત થવું એ એમનો જીવનમંત્ર હતો. કોઈ પણ વાચકને જરૂરી માહિતી તથા સંદર્ભસેવા પૂરી પાડવાના બધા જ પ્રયત્નો તેઓ કરી છૂટે. કિરીટભાઈ પોતે એક વિદગ્ધ વાચક, માર્ગદર્શક, સંશોધક, લેખક, સંપાદક અને મોખરાના સૂચિકાર.

કિરીટભાઈ ભાવસારે તેમની વ્યાવસાયિક કારકિર્દીની શરૂઆત અમદાવાદ ગાંધી સ્મારક સંગ્રહાલયના ગ્રંથપાલ તરીકે કરેલી. એ પછી થોડાંક વર્ષો એમણે મા. જે. પુસ્તકાલયમાં સેવાઓ આપી. ૧૯૬૮માં તેઓ ગૂજરાત વિદ્યાપીઠમાં ટૅક્નિકલ આસિસ્ટન્ટ તરીકે જોડાયા અને ક્રમશઃ પ્રમોશન મેળવતા આસિસ્ટન્ટ લાઈબ્રેરિયન થયેલા. ૧૯૯૫માં તેઓ કાર્યકારી ગ્રંથપાલ તરીકે નિમણૂક પામ્યા તથા ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન વિભાગના અધ્યક્ષ તરીકે પણ સેવાઓ આપી. ૧લી એપ્રિલ, ૨૦૦૦ના રોજ તેમણે સ્વૈચ્છિક સેવાનિવૃત્તિ લીધી. નિવૃત્તિ બાદ ગુજરાતની કેટલીક યુનિવર્સિટીઓમાં ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન વિભાગમાં મુલાકાતી અધ્યાપક તરીકે પોતાની સેવાઓ આપતા રહ્યા.

શ્રી પી. સી. શાહની વિદાય પછી તેમણે ગ્રંથાલય સેવા સંઘના પ્રમુખ તરીકે હોદ્દો સંભાળ્યો, પરંતુ ગુજરાત ગ્રંથાલય સેવા સંઘની સ્થાપનાની શરૂઆતથી જ શ્રી પી. સી. શાહ સાથે રહીને પરિસંવાદો, વાર્ષિક અધિવેશનોના આયોજનમાં સતત સક્રિય રહ્યા.

સામયિક લેખ-સૂચિ, હસ્તપ્રત-સૂચિ, 'આદિમુદ્રિત ગ્રંથોની સૂચિ' (અચ્યુત યાજ્ઞિક સાથે), ગાંધીજીએ વાંચેલાં પુસ્તકોની સૂચિ (અન્ય સાથે), ગૂજરાત વિદ્યાપીઠનાં પ્રકાશનોની સૂચિ વગેરે આપીને સૂચિક્ષેત્રે તેમણે અનન્ય પ્રદાન કર્યું છે. 'ગ્રંથાલોક' અને 'ડિરેક્ટરી ઑફ લાઈબ્રેરીઝ ઍન્ડ ઇન્ફર્મેશન સેન્ટર્સ ઇન ગુજરાત' (શ્રી પી. સી. શાહ સાથે)નું સંપાદનકાર્ય પણ કર્યું. તદુપરાંત ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાનના વર્ગીકરણ, સૂચીકરણ, નિર્દેશીકરણ જેવા વિષયો ગુજરાતી ભાષામાં આપનાર કિરીટભાઈ ભાવસાર વિદ્યાર્થી આલમમાં તેમના વિદ્યાપ્રેમ માટે સદાય સ્મરણીય રહેશે.

૨૦૦૭-૨૦૦૯ દરમિયાન કિરીટભાઈએ ગુજરાત વિશ્વકોશ સંસ્થામાં પણ પોતાની અમૂલ્ય સેવાઓ આપી હતી. ગુજરાત વિશ્વકોશ સંસ્થાના ગ્રંથાલયને તેમના માર્ગદર્શનનો લાભ મળ્યો. ગુજરાત વિશ્વકોશના સંશોધકો અને નિષ્ણાતોને જરૂરી માહિતી તથા સંદર્ભસેવા આપવા માટે તેઓ હંમેશાં તત્પર રહેતા. તેમના સમયગાળા દરમિયાન ગુજરાત વિશ્વકોશ સંસ્થા દ્વારા 'ગુજરાતી ગ્રંથસૂચિ'ના નામે ૨૦૦૬ અને ૨૦૦૭માં પ્રકાશિત થયેલાં પુસ્તકોના બે ગ્રંથો પ્રકાશિત થયા. આ સૂચિ-ગ્રંથો તૈયાર કરવામાં તેમણે માર્ગદર્શન આપવા ઉપરાંત પરામર્શન કાર્ય પણ કર્યું હતું. ગુજરાત વિદ્યાજગતને અને ગુજરાત ગ્રંથાલય જગતને માટે એમનું કાર્ય સદાય સ્મરણીય રહેશે.

**— ઊર્મિલા ઠાકર**
**પૂર્વ અધ્યક્ષ અને પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ,**
**સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર**

## ગુજરાતના ગ્રંથાલય પ્રહરી : સ્વ. કિરીટભાઈ ભાવસાર

ગાંધીજીવન-દર્શનના ઉપાસક સ્વ. કિરીટભાઈ ભાવસાર ગુજરાતના ગ્રંથાલય ક્ષેત્રના ખરા અર્થમાં 'ગાંધીજન' / 'વૈષ્ણવજન' તેમજ તેના પ્રહરી પણ હતા અને ધાર્મિક દષ્ટિએ પણ વૈષ્ણવ સંપ્રદાયના અનુયાયી હોવાથી ડાકોરના રણછોડરાયજીના આરાધક રહ્યા હતા. ગ્રંથાલય વ્યવસાયિક માટે અપેક્ષિત એવી ગુણરાશિ - વિનમ્ર સેવાપરાયણ સંવેદનશીલતા, વ્યવસાયિક તજજ્ઞતા અને સારા વાચકના ત્રિવેણીસંગમનું તેઓશ્રી એક મૂર્તિમંત સ્વરૂપ હતા. તેમનાં વાણી-વ્યવહાર - વહાલસોયું વ્યક્તિત્વ અને ગ્રંથાલય વ્યવસાયિક તરીકેની પ્રતિબદ્ધતા (Commitment) કોઈનેય પણ સ્પર્શી જાય તેટલાં ઉત્કટ અને Role Model હતા. સવિશેષતઃ સંદર્ભ ગ્રંથાલયી તરીકેની તેમની સમૃદ્ધિ અને વિદ્યાર્થી વત્સલતાના કારણે વિદ્યાર્થીઓ અને વાચકોથી સતત ઘેરાયેલા રહેતા જોવા મળતા હતા. ગ્રંથાલય ક્ષેત્રમાં કારકિર્દીના પ્રારંભથી અંત સુધી વિવિધ સ્તરની કામગીરીના અનુભવ ઉપરાંત પ્રમાણપત્ર અભ્યાસક્રમથી શરૂ કરી અનુસ્નાતક કક્ષા સુધી સુદીર્ઘકાળના અધ્યાપનના કારણે ગ્રંથાલય વિજ્ઞાનના વિવિધ વિષયક્ષેત્રોમાં તેમની વિહરેલી લેખનપ્રવૃત્તિ પરિપક્વ અને સ્તરીય રહી છે. આ ઉપરાંત તેમના દ્વારા વ્યક્તિગત અને અન્યોના સહયોગમાં સંપાદિત કરેલી વિવિધ સાહિત્યસૂચિઓ - Bibliographies પણ મૂલ્યવાન બની રહે છે. આ પૈકી **'ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલ સંદર્ભસામગ્રી : એક સર્વેક્ષણ'** (વિદ્યાપીઠ ૧૨.૩ (૧૯૭૫) : ૧-૪૩)માં ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલા ૩૮૨ સંદર્ભસ્રોતોની યુવાવયે તૈયાર કરેલી સૂચિ અને તેની સાથે ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં રજૂ કરવામાં આવેલું સટિપ્પણ અવલોકન ભાવિ પીઢ અને દષ્ટિસંપન્ન ગ્રંથાલયીની એંધાણીનાં દ્યોતક બની રહે છે. આ ઉપરાંત તેમણે શ્રી અચ્યુત યાજ્ઞિકના સહયોગમાં સંપાદીત **'ગુજરાતી આદિમુદ્રિત ગ્રંથોની સૂચિ'** (૨૦૦૪) દષ્ટિપૂત હોઈ ગુજરાતી મુદ્રણકળાની ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં શોધયાત્રા માટે આધારભૂત એવું સીમાસ્તંભ સમાન કાર્ય છે. અહીં ૧૮૦૮માં મુદ્રિત ગુજરાતી પુસ્તકથી શરૂ કરી ૧૮૬૭ સુધીના સમયગાળામાં મુદ્રિત થયેલાં પુસ્તકો પૈકી વિવિધ સાહિત્યસૂચિઓ, કેટલાંક ગ્રંથાલયોનાં કેટલોગ અને કેટલાક ગ્રંથાલયોની રૂબરૂમાં મુલાકાત લઈ ભારે શ્રમ સાથે શોધખોળ કરી ૧૧૪૯ પુસ્તકોની સૂચિ આપવામાં આવી છે. જે ગુજરાતની - ગુજરાતી ભાષા - સાહિત્યની સાંસ્કૃતિક ધરોહરને ઉજાગર કરતો અણમોલ આધારસ્રોત છે. વધુમાં, આ સૂચિના અનુસંધાનમાં તેમણે **'ગુજરાતી આદિમુદ્રણ પ્રકાશનની તવારીખ'** (૨૦૦૮) ગ્રંથમાં ગુજરાતી મુદ્રણના આદ્યસ્થાપક ફરદુનજી મર્ઝબાનથી શરૂ કરી પ્રમુખ ગુજરાતી મુદ્રકો, મુંબઈ વિસ્તારના ૪૯ છાપખાનાની યાદી અને મુદ્રિત પુસ્તકોની સંખ્યા, મુંબઈથી શરૂ થયેલી આ કળાનો ગુજરાતમાં વિકાસ, 'આદિમુદ્રિત' સૂચિમાં સમાવિષ્ટ પુસ્તકોનું પૃથક્કરણ અને વિહંગાવલોકન કરીને ગુજરાતી મુદ્રણના પ્રારંભથી શરૂ કરી ઈ.સ. ૧૮૬૭ સુધી મુદ્રિત ગુજરાતી પુસ્તકો સંબંધી અને અન્ય આનુષંગિક વિગતો આવરી લેતી ગુજરાતી મુદ્રણકળાની ઝલક એક શોધનિબંધ સમાન છે, જે સર્વથા અભિનંદનીય બની રહે છે. આ સાથે જ ખાસ ઉલ્લેખ કરવો રહ્યો કે 'ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ'ના સ્થાપનકાળથી જ તેના એક અદના સ્તંભ તરીકે આજીવન જોડાયેલા રહી ગુજરાતની ગ્રંથાલય પ્રવૃત્તિના પ્રસાર-પ્રચાર અને સંવર્ધનમાં તેમણે નોંધપાત્ર પ્રદાન આપ્યું હતું. ગુજરાતના ગ્રંથાલય-ક્ષેત્રના આવા ગરવા - મુકુટમણિ સમાન ગ્રંથાલયીની બહુઆયામી અને બહુશ્રુત સેવાઓને ધ્યાને લઈને **'ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ'** દ્વારા ગુજરાતના અગ્રણી ગ્રંથાલય વૈજ્ઞાનિકની સ્મૃતિમાં પ્રસ્થાપિત **'શ્રી પી. સી. શાહ સ્મૃતિચંદ્રક'** સૌ પ્રથમ વખત તેમને વર્ષ ૨૦૧૮માં એનાયત કરીને વિભૂષિત કરવામાં આવ્યા હતા.

કિરીટભાઈએ ગ્રંથાલય ક્ષેત્રે વ્યવસાયિક કારકિર્દીનો પ્રારંભ વર્ષ ૧૯૬૩-૬૪માં 'ગાંધી સ્મારક સંગ્રહાલય', હરિજન આશ્રમ, અમદાવાદમાં ગ્રંથપાલ તરીકે જોડાઈને કર્યો. અહીંની ગ્રંથાલય વ્યવસ્થાપનની સુચારૂ કામગીરીથી પ્રભાવિત થઈ ભારતની ગ્રંથાલય પ્રવૃત્તિના પિતા ડૉ. એસ. આર. રંગનાથનના શિષ્યરત્ન અને 'શેઠ માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલય'ના પ્રતિભાસંપન્ન ગ્રંથાલયી શ્રી મોહનદાસ પટેલે તેમને પોતાના ત્યાં ટૅક્નિકલ આસિસ્ટન્ટ તરીકે નિયુક્તિ આપતાં અહીં જોડાયા અને અહીંથી ૧૯૬૮ના જૂન માસમાં 'ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય'માં જુનિયર પ્રોફેશનલ આસિસ્ટન્ટ તરીકે જોડાયા. અહીં સમયાન્તરે પદોન્નતિ પામતાં નાયબ ગ્રંથપાલ થયા અને ત્યારબાદ 'ગૂજરાત વિદ્યાપીઠ'ના ગ્રંથપાલ શ્રી કનુભાઈ શાહની સેવાનિવૃત્તિ બાદ ૧૯૯૭માં કાર્યકારી ગ્રંથપાલ તરીકે નિયુક્ત થતાં ૧ એપ્રિલ, ૨૦૦૦ સુધી વિદ્યાપીઠના કાર્યકારી ગ્રંથપાલ અને ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના વડા તરીકે સેવાઓ આપીને સ્વૈચ્છિક રીતે સેવાનિવૃત્ત થયા હતા. આ સમય દરમિયાન 'ગુજરાત પુસ્તકાલય મંડળ' તથા 'ગૂજરાત વિદ્યાપીઠ' દ્વારા સંચાલિત ગ્રંથપાલ તાલીમ વર્ગમાં ગ્રંથાલય પ્રશિક્ષક તરીકે પણ સેવાઓ આપી હતી. વિદ્યાપીઠમાંથી નિવૃત્તિ મેળવ્યા બાદ 'સરદાર પટેલ યુનિવર્સિટી'ના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગમાં વર્ષ ૨૦૦૦ થી ૨૦૦૫ સુધી મુલાકાતી અધ્યાપક તરીકે અને ત્યાર બાદ 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'માં ગ્રંથપાલ તરીકે આશરે ત્રણ-ચાર વર્ષ (૨૦૦૫-૨૦૦૯) સેવાઓ આપી હતી. ગ્રંથાલય વ્યવસાયમાં જોડાવાથી પ્રાપ્ત કાર્યસંતોષ (Job satisfaction) સંબંધી રાજીપો અને ગૌરવ વ્યક્ત કરતાં આ લખનારને જણાવ્યું હતું કે 'લેખનકાર્ય અને વ્યવસાયિક કામગીરીથી મને પ્રસિદ્ધિ મળી. શ્રી ઉમાશંકર જોશીએ મારી પાસે ટૉલ્સટૉયની સૂચિ બનાવડાવી અને 'સંસ્કૃતિ'માં છાપી. વળી, આ વ્યવસાયમાં કામ કરવાની તક મળી તેથી હું ગુજરાતના નામાંકિત અધ્યાપકો, લેખકો - સંશોધકો સાથે સીધા સંપર્કમાં આવ્યો હોઈ મને કાર્ય કરવામાં ખૂબ આનંદ આવતો હતો. મારા કાર્યમાં મને પ્રેરણાદાયી માર્ગદર્શન ડૉ. સી. પી. શુક્લસાહેબે આપ્યું હતું તેથી હું સદાયનો તેમનો ઋણી છું. આ ઉપરાંત કેટલાક નામાંકિત ગ્રંથપાલશ્રીઓ જેવા કે કિકુભાઈ દેસાઈ, ચુનીલાલ બારોટ, મોહનદાસ પટેલ, હસમુખ પાઠક, ચંપકલાલ પટેલ, ન. મો. રાવલ, પ્રતાપરાય મહેતા, પી. એફ. જટેલ, રમેશભાઈ ગાંધી, ડી. એમ. શુક્લ અને ડાહ્યાભાઈ જોશી સાથે વ્યવસાયિક પ્રવૃત્તિમાં કાર્ય કરવાની તક મળી.'

ગ્રંથાલય વ્યવસાયિક કારકિર્દીના પ્રારંભથી તેમણે શરૂ કરેલી લેખનપ્રવૃત્તિ અવિરતપણે જીવનના અંત સુધી ચાલુ રાખી હતી. જોકે આ પૂર્વે વિદ્યાર્થીકાળમાં તેમનો પ્રથમ લેખ 'નવલરામ પંડ્યા' વિશે શ્રી એચ. કે. આર્ટ્સ કૉલેજના 'સાબરમતી'ના ૧૯૬૦ના અંકમાં અને ગ્રંથાલય વિજ્ઞાન વિશેનો પ્રથમ લેખ 'જાહેર ગ્રંથાલય માટે પુસ્તક પસંદગી', 'વિદ્યાપીઠ'ના જુલાઈ - ઑગસ્ટ ૧૯૬૭ના અંકમાં પ્રગટ થયો હતો. ''ગૂજરાત વિદ્યાપીઠ''માં જોડાયા પછી ૨૦૦૯ સુધી ૫૬ જેટલા લેખો ઉપરાંત 'ગુજરાતી વિશ્વકોશ', 'ગ્રંથાલોક' અને 'ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ'ના અધિવેશનના 'Book of Papers' માં પણ કેટલાક લેખો પ્રકાશિત થયા છે. તેમણે ગ્રંથાલય વિજ્ઞાન વિશે મૌલિક, અનુવાદિત અને સંપાદિત પુસ્તકો પૈકી સૂચિકરણ પ્રાયોગિક : એએસીઆર-૨ પ્રમાણે (૧૯૮૭, ૨૦૦૬), વર્ગીકરણ પ્રાયોગિક કાર્ય (૧૯૯૦), નિર્દેશીકરણ (૧૯૯૪), ડીડીસી-૧૯ (૧૯૯૬), ગ્રંથાલયમાં ઉપભોક્તા શિક્ષણ (૧૯૯૮), દ્વિબિંદુ વર્ગીકરણ (સહ અનુવાદક - છગન ભૈયા અને નવીન બરોડિયા, ૧૯૯૩), શિયાલી રામામૃત રંગનાથન

/ ડૉ. એમ. એ. ગોપીનાથ કૃત (અનુવાદ), સૂચિકરણ : ઇતિહાસ… / ચૂ. પુ. બારોટ કૃત (સંપાદન), રંગનાથી વર્ગીકરણ / ચૂ. પુ. બારોટ કૃત (સંપાદન), ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ દ્વારા આયોજિત કૉન્ફરન્સોમાં રજૂ થયેલા લેખો : બુક ઑફ પેપર્સનું સંપાદન (સહ સંપા. પ્રવીણ શાહ, ૨૦૦૬ થી ૨૦૧૩ ?) વગેરે વિશેષ ઉલ્લેખનીય છે. સંપાદિત વાઙ્મયસૂચિઓ : ગૂજરાત વિદ્યાપીઠ તપાસ નિબંધ સૂચિ (સહ સંપા. કનુભાઈ શાહ), ગુજરાતી સામયિક લેખ સૂચિ - ૧૯૭૫ અને ૧૯૭૬ (સહ સંપા. કનુભાઈ શાહ), ગૂજરાત વિદ્યાપીઠમાં સંગૃહીત હસ્તપ્રતોની સૂચિ (સહ  સંપા. કનુભાઈ શાહ, ૧૯૮૮), લેવ ટૉલ્સટૉય સાહિત્યસૂચિ (૧૯૭૯), ગુજરાતી આદિમુદ્રિત ગ્રંથસૂચિ (સહ સંપા. અચ્યુત યાજ્ઞિક, ૨૦૦૪), ગુજરાતી ગ્રંથસૂચિ ૨૦૦૮ (સહ સંપા. નીના ચોકસી), ગુજરાતી ગઝલ સૂચિ (સહ સંપા. મિત્રા મહેતા અને પૂર્ણિમા ઉપાધ્યાય, ૨૦૧૦) તથા વિવિધ સાહિત્યકારો અને અન્ય વિષયો સંબંધી જેમ કે ઝવેરચંદ મેઘાણી, નરસિંહ મહેતા, પન્નાલાલ પટેલ, કવિ  દલપતરામ, પ્રૌઢ  શિક્ષણ, ગુજરાતીમાં ગ્રંથાલયશાસ્ત્ર વગેરે વિશે ૧૨ જેટલી સૂચિઓ સામયિકો / સંબંધિત ગ્રંથોમાં પ્રકાશિત થઈ છે. તેમણે ગ્રંથાલયશાસ્ત્ર ઉપરાંત દફતરવિદ્યા, કુંદી હસ્તકલા કારીગીરી, પાટણનાં પટોળાં વગેરે વિશે પણ લેખો લખ્યા છે.  ગ્રંથાલય વિજ્ઞાન વિષયક પુસ્તકો ગ્રંથાલયશાસ્ત્રના સ્નાતક / અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યાં હોવા છતાં વિદ્યાર્થીઓ ઉપરાંત કાર્યરત વ્યવસાયિકો માટે પણ ઉપકારક નીવડે તેવાં છે. એએસીઆર, નિર્દેશીકરણ, ડીડીસી-૧૯ અને ઉપભોકતા શિક્ષણ વિષયક પુસ્તકો ગુજરાતી ભાષામાં સૌ પ્રથમ વખત પ્રકાશિત પુસ્તકોના શ્રેયના અધિકારી બની રહે છે. ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનનાં વિવિધ પાસાંઓને આવરી લેતા તેમના લેખો અને ગ્રંથસમીક્ષાઓ પણ અભ્યાસનિષ્ઠ જોવા મળ્યાં છે. આ લેખો પૈકી ‘જ્ઞાન આધારિત સમાજના નિર્માણ માટે સાર્વજનિક ગ્રંથાલયોની બદલાતી ભૂમિકા’ (૨૦૧૩), ગ્રંથાલયપ્રવૃત્તિ ક્ષેત્રે ગાંધીજીનું પ્રદાન (વિદ્યાપીઠ, માર્ચ-એપ્રિલ ૧૯૮૨), શ્રી એસ. આર. રંગનાથનના વિચારો અને કાર્યોનું મહત્ત્વ અને પ્રસ્તુતતાઃ આજના માહિતીયુગના સંદર્ભમાં (DLIBCOM ૨.૮-૯ (૨૦૦૭) સેવ્ય-સેવાઓ ગ્રંથાલયશાસ્ત્રની (ગુજરાતી વિશ્વકોશ) વગેરે નોંધપાત્ર લેખો છે.

શૈક્ષણિક ગ્રંથાલયમાં પોતાની કારકિર્દી (૧૯૬૮-૨૦૦૦) પસાર કરી હોવા છતાં સાર્વજનિક ગ્રંથાલય પ્રવૃત્તિના પ્રચાર-પ્રસાર - વિકાસમાં તેમનું ઘણું મોટું યોગદાન રહ્યું છે અને તે ‘ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ’ના માધ્યમ થકી. આ લખનારને તેમણે એક પ્રશ્નના ઉત્તર સ્વરૂપે જણાવ્યું હતું કે “ગ્રંથાલય વ્યવસાયિક સંગઠનમાં સક્રિય ભૂમિકા ભજવવા હું ‘ગુજરાત પુસ્તકાલય મંડળ’નો સભ્યો બન્યો. અમદાવાદમાં ‘લાયબ્રેરી ફોરમ’ નામથી સ્થાનિક ગ્રંથાલયોના ગ્રંથપાલો દર મહિનાના અંતિમ સપ્તાહમાં એક દિવસે ‘બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ’માં ભેગા મળતા. આ મંડળીમાં આવનાર દરેક સભ્યે લેખ તૈયાર કરી એ સભામાં / બેઠકમાં પ્રસ્તુત કરવો એ શરત હતી. ક્યારેક દેશ-વિદેશના ગ્રંથાલય તજજ્ઞો અમદાવાદની મુલાકાતે આવતા તેમનાં પણ વ્યાખ્યાનો યોજાતાં હતાં… આ ફોરમમાંથી ગુજરાતના ગ્રંથપાલોનું એક વ્યવસાયિક મંડળ ઊભું કરવું એવો વિચાર પી.  સી. શાહ, ડૉ. સી. પી. શુક્લ, રમેશભાઈ ગાંધી વગેરેને આવ્યો. ‘ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ’નું બંધારણ રચાયું… ‘લાઈબ્રેરી ફોરમ’ની મિટીંગમાં હું અવશ્ય હાજર રહેતો. તેથી શ્રી પી. સી. શાહના પરિચયમાં આવ્યો. આમ, ‘ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ’ના કાર્યમાં શરૂઆતથી જ સક્રિય કાર્યકર તરીકે જોડાયો.” આ સંઘની સ્થાપના પછી સંઘના પ્રત્યેક કાર્યમાં તેઓશ્રી

મંત્રીશ્રી પી. સી. શાહ સાથે અડીખમ ઊભા રહ્યા હતા. સંઘનાં વિવિધ કાર્યો જેમ કે સંઘની મિટીંગ બોલાવવી, સંઘનું મુખપત્ર 'ગ્રંથાલોક'નું સંપાદન-પ્રકાશન, સંઘ દ્વારા આયોજિત વાર્ષિક પરિસંવાદોના વિષયો નક્કી કરી સભ્યોને પરિપત્રો મોકલવા, આયોજનનું સ્થળ પસંદ કરવું અને અન્ય આનુસંગિક કાર્યો, પ્રાપ્ત લેખોનું સંપાદન - પ્રકાશન ઉપરાંત વિવિધ ગ્રંથાલયોનાં પ્રશ્નો-સમસ્યાઓ સરકારના ગ્રંથાલય ખાતામાં, શિક્ષણ વિભાગમાં રજૂ કરી તેના ઉકેલ માટ પ્રયાસો કરવા વગેરે પ્રવૃત્તિઓમાં તેમનો વિશેષ સહયોગ રહ્યો હતો. આ સાથે ઉલ્લેખ કરવો રહ્યો કે આ લખનારને પ્રવીણભાઈ શાહે જણાવેલ કે "ગુજરાતીમાં બોલ-ચાલ સિવાય લખવાનો મારો કોઈ ખાસ મહાવરો ન રહ્યો હોવાથી કિરીટભાઈ ઉપર આધારિત રહું છું. મારાં ગુજરાતી લખાણો તેમના તપાસ્યા બાદ જ છાપવા માટે મોકલું છું." અત્રે નોંધવું રહ્યું કે, કિરીટભાઈ સ્વેચ્છાએ સંઘમાં કોઈ હોદ્દો ધારણ કર્યા સિવાય પ્રસન્નતાપૂર્વક સંઘનાં વિવિધ કાર્યો કરતા રહ્યા હતા. સિવાય કે સંઘના પ્રમુખ તરીકે શ્રી પી. સી. શાહની નિમણૂક થયા બાદ સૌના ભારપૂર્વકના આગ્રહથી ઉપપ્રમુખ પદે અને પી. સી. શાહનું ૨૦૧૫માં અવસાન થયા બાદ સંઘના પ્રમુખ તરીકે જીવનપર્યંત સેવાઓ આપવી. સંઘના માધ્યમથી પ્રવીણભાઈ અને કિરીટભાઈનું યુગકાર્ય 'Directory of Libraries and Information Centres in Gujarat' (૨૦૦૧)નું સંપાદન-પ્રકાશન છે. ગુજરાતના વિવિધ પ્રકારનાં ૧૮૪૩ ગ્રંથાલયો સંબંધી આવશ્યક માહિતીનો સમાવેશ કરતી આ ડિરેક્ટરી એક અણમોલ સંદર્ભસ્રોત છે. આ ડિરેક્ટરીને - ગુજરાતના ગ્રંથાલયોની એક ગર્વરૂપ ઘટનાને આવકારતાં સંઘના તત્કાલીન પ્રમુખ ચંપકભાઈ પટેલના શબ્દો "I understand it is worth noting here that, so far, no other Library Association in India has undertaken to publish such a directory for their own states... Gujarat Granthalaya Seva Sangh is the first in India to compile a comprehensive **'Directory of... in Gujarat.**" Considering the magnitude of the work involved in the making of such a directory, all connected with the complilation of this directory deserve my high regard and apperciation the task so ably performed સુચિંતનીય બની રહે છે. આ ડિરેક્ટરી ઉપરાંત તેમનું અત્યંત મહત્ત્વપૂર્ણ અને ઉપયોગી કાર્ય કે જેની ખોટ આપણે અનુભવી રહ્યા છીએ તે 'ગુજરાતી વાર્ષિક ગ્રંથસૂચિ'નું છે. 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'માં ગ્રંથપાલ (૨૦૦૫-૨૦૦૯) તરીકે જોડાયા બાદ ટ્રસ્ટના ગ્રંથાલયના સુચારૂ સંચાલન / વ્યવસ્થાપન ઉપરાંત તેમના દૃષ્ટિપૂત પરામર્શન - માર્ગદર્શન હેઠળ ડૉ. આબેદા કાઝી દ્વારા 'ગુજરાતી ગ્રંથસૂચિ ૨૦૦૬ અને ૨૦૦૭'નું સંપાદન અને ટ્રસ્ટ દ્વારા પ્રકાશન. આ કાર્યના અનુસંધાનમાં તેમણે સ્વયં નીના ચોકસીના સહયોગમાં ૨૦૦૮ની સૂચિનું સંપાદન કર્યું. પરંતુ દુઃખ સાથે નોંધવું પડે છે કે ચાલુ રાખવા જેવું આ સૂચિકાર્ય કમનસીબે આગળ વધતું અટકી ગયું છે. આજની પરિસ્થિતિમાં આ હેતુ આપણે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટને પ્રાર્થીએ કે આ ઉપયોગી કાર્ય ચાલુ રાખવામાં આવે.

પ્રકાશિત સાહિત્ય ઉપરાંત તેમનું અપ્રકાશિત લઘુ-સંશોધન-કાર્ય છે. 'અનુદાન લેતાં ગુજરાતનાં સાર્વજનિક ગ્રંથાલયો : એક અભ્યાસ' (૧૯૯૧). આ હેતુ તેમને યુજીસી દ્વારા અનુદાન પ્રાપ્ત થયું હતું. અહીં ગુજરાતની સાર્વજનિક પુસ્તકાલય પ્રવૃત્તિની ઐતિહાસિક રૂપરેખા વર્ણવીને અનુદાનના નિયમો અને પ્રાપ્ત અનુદાનમાંથી ચાલતી ગુજરાતની ગ્રંથાલય પ્રવૃત્તિનું વાસ્તવિક ચિત્ર રજૂ કરતા અનુદાનિત

ગ્રંથાલયોમાં ઈફલાના માનકની તુલનાએ ઓછો ગ્રંથસંગ્રહ, ગ્રંથાલયથી કક્ષા અનુસાર પુસ્તક ખરીદી પાછળ ઓછો ખર્ચ, કર્મચારીઓને ન્યુનતમ પગાર અને પી. એફ. યોજનાનો અભાવ વગેરે બાબતો ઉજાગર કરી આપીને ઠોસ વિકાસ માટે કેટલાંક નક્કર સૂચનો કર્યાં છે, જેમ કે ગ્રંથપાલનું કાર્ય પ્રાથમિક શિક્ષક સમાન મહત્ત્વપૂર્ણ હોવાથી ગ્રંથાલય કક્ષા અનુસાર પગારધોરણ નિયત કરવું અને આ ખર્ચના ૧૦૦ ટકા અનુદાન આપવું, ગ્રંથસંખ્યા વધારવી, વિવિધ વયજૂથ અનુસાર વાચનસામગ્રી વસાવવી, કર્મચારી પ્રશિક્ષણની જોગવાઈ, અનુદાનની રકમ વધારવી, ગ્રંથાલય સેવા-વિસ્તાર વગેરે. પ્રસ્તુત સંશોધનકાર્ય ગુજરાતનાં સાર્વજનિક ગ્રંથાલયોની કાયાપલટ કરવામાં ઉપયોગી બની રહે તેટલું બળકું છે.

ઉલ્લેખનીય છે કે સ્વ. કિરીટભાઈનો જન્મ વતન અમદાવાદમાં તા. ૧૦ ઑક્ટોબર, ૧૯૩૮ના રોજ થયો હતો. પિતાનું નામ કાન્તિલાલ છગનલાલ ભાવસાર અને માતાનું નામ શ્રીમતી કમળાબહેન. તેમનાં પત્નીનું નામ શ્રીમતી નિર્મળાબહેન. તેમના પરિવારમાં બે પુત્રો અને એક પુત્રી છે. તેમનાં માતા મ્યુનિસિપલ શાળામાં શિક્ષિકા હોવાથી ઉચ્ચ શિક્ષણનાં પ્રેરણાસ્રોત બની રહ્યાં હતાં. તેમણે પ્રાથમિક શિક્ષણ મ્યુનિસિપલ શાળામાંથી મેળવ્યા બાદ 'સિટી હાઈસ્કૂલ', રાયપુર, અમદાવાદમાંથી માધ્યમિક શિક્ષણ અને અમદાવાદની સુપ્રસિદ્ધ 'રામાનંદ આર્ટ્સ કૉલેજ' (હવે, શ્રી એચ. કે. આર્ટ્સ કૉલેજ)માંથી મુખ્ય વિષય ગુજરાતી અને ગૌણ વિષય ભારતીય સંસ્કૃતિ સાથે બી.એ.નો અભ્યાસ ૧૯૬૦-૬૧માં પૂર્ણ કર્યા બાદ ભો. જે. વિદ્યાભવનમાંથી એમ.એ. (પુરાવસ્તુવિદ્યા)નો અભ્યાસ વર્ષ ૧૯૬૧-૬૩માં કર્યો. આ અભ્યાસ પૂર્ણ કર્યા બાદ અમદાવાદ બહાર નોકરીની ઉજ્જવળ તકો ઉપલબ્ધ હોવા છતાં માતાનું આકસ્મિક અવસાન અને કુટુંબના ભરણપોષણની જવાબદારી પોતાના શિરે આવતાં અમદાવાદને જ કર્મભૂમિ બનાવવાનું મુનાસિબ ગણીને 'ભો. જે. વિદ્યાભવન'માં હસ્તપ્રત વ્યવસ્થાપનની કામગીરી કરવાની સાથે ગ્રંથાલયશાસ્ત્રનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ પૂર્ણ કર્યો. વર્ષ ૧૯૬૬-૬૭માં ગુજરાત યુનિવર્સિટીમાંથી બી. લિબ. એસસી.ની ડિગ્રી પ્રથમ વર્ગ સાથે અને લાંબા અંતરાલ બાદ ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા નવા જ શરૂ કરવામાં આવેલ એમ. લિબ. એસસી.ના અંશતઃકાલીન અભ્યાસક્રમમાં જોડાઈને આ ડિગ્રી પણ પ્રથમ વર્ગ સાથે ૧૯૮૭માં મેળવી હતી.

આવા વડલા-સમ વ્યક્તિત્વથી સંપન્ન શ્રી કિરીટભાઈ ભાવસારનું તા. ૧૯ ડિસેમ્બર, ૨૦૧૯ના દિને અવસાન થતાં ગુજરાતનું વિદ્યાજગત-સવિશેષતઃ ગ્રંથાલયછ પરિવાર તેમની ખોટ અનુભવે છે. સદ્‌ગતના આત્માને ઈશ્વર ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના સહ...

**— સંપર્ક : શ્રીમતી નિર્મળાબહેન ભાવસાર, ૪૫૨, વચલી શેરી, રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧)**

**— મણિભાઈ પ્રજાપતિ**

**- ડાયરેકટર ઑફ પબ્લિકેશન્સ-કડી સર્વ વિશ્વવિદ્યાલય-ગાંધીનગર**

---

**મંદિરમાં દર્શન કરવા માટે જેટલી ભીડ અને લાઈન લાગે છે તેટલી ભીડ અને લાઈન પુસ્તકાલય / વાંચનાલયમાં જોવા મળશે ત્યારે આપણાં દેશની પ્રગતિને કોઈ રોકી નહિં શકે.**

**— બાબાસાહેબ આંબેડકર**

# રાજ્ય પુસ્તકાલય મંડળોની સામાન્ય સભા મળી
# અગ્રણીઓનું માર્ગદર્શન, પુસ્તકોનું લોકાર્પણ

સાડા નવ દાયકાથી કામ કરતી સંસ્થા - ગુજરાત પુસ્તકાલય મંડળ (અમદાવાદ-વડોદરા)ની સંસ્થાના પૂર્વપ્રમુખ ડૉ. નિખિલ દેસાઈના પ્રમુખસ્થાને મળેલી વાર્ષિક સામાન્ય સભામાં આગામી વરસોના પ્રમુખ તરીકે ભાથીભાઈ કચરાભાઈ ચૌધરી (ખારા-લક્ષ્મીપુરા, જિ. મહેસાણા) અને અધ્યક્ષ તરીકે અવિનાશ મણિયાર, (વડોદરા)ની તેમજ રાજ્યના વિવિધ વિસ્તારોનું પ્રતિનિધિત્વ કરતા સભ્યોની બનેલી વિસ્તૃત કારોબારીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. મહામંત્રીપદે જશવંતભાઈ પટેલ (રણોલી, ધર્મજ, જિ. આણંદ)થી ફરી વરણી કરાઈ છે. આ પ્રસંગે કવિ ચંદુ મહેસાનવી 'મુન્સિફ'ની ગઝલોના શેઅર વિશેના, સમીક્ષકોના પ્રતિભાવોના સંગ્રહ 'પડઘા મારા શબ્દોના', 'સાહિત્ય સૃષ્ટિ'માં અપાયેલા ૨૪ જાહેર વાર્તાલાપોના સંગ્રહ ચોથા શનિવારની સાંજે ભાગ ૪ તથા ડૉ. વિક્રમ સારાભાઈના સંક્ષિપ્ત જીવન ચરિત્રનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. બંને મંડળોના સભ્યોની સંયુક્ત સભામાં, ગુજરાત પુસ્તકાલય મંડળના પૂર્વ પ્રમુખ અને પુસ્તક પરબના પ્રણેતા ડૉ. પ્રતાપભાઈ પંડ્યા, જાણીતા વાર્તાકાર જયંતી દલાલ તથા ગુ. પુ. સ. સ. મંડળ લિ.ના વ્યવસ્થાપક મંડળના સભ્ય રમણલાલ ગાંધીનું વીતેલા માસમાં નિધન થયું હોઈ તેમને શોકાંજલિ આપવામાં આવી હતી.

પ્રાસંગિક પ્રવચનોમાં **અતિથિવિશેષ રાજ્યના ગ્રંથાલય સેવા સંઘના પ્રમુખ પંકજભાઈ બાવિશીએ** હાલના સમયમાં લોકોને પુસ્તકો વાંચતા કરવાનું કામ લોઢાના ચણા ચાવવા જેવું હોવાનું જણાવ્યું હતું. સંસ્થાની પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરવા માટે તેમણે રૂા. ૧૧ હજારનું દાન આપ્યું હતું અને સહૃદયીઓનું દાન સ્વીકારવા સૂચવ્યું હતું. તેમના આ સૂચનથી પ્રેરાઈને પલ્લવીબહેન કૌટિલ્ય શુકલે રૂા. પાંચ હજારનું દાન આપ્યું હતું. મહેસાણા જિલ્લા પુસ્તકાલય મંડળના પ્રમુખ ગોવિંદભાઈ ચૌધરીએ લોકો પુસ્તકાલયોમાં આવતા-જતા થાય તેવા પ્રયાસો કરવા અને ગ્રંથાલયો માટે ખરીદાતા પુસ્તકોમાંના ઓછામાં ઓછા ૨૫ ટકા પુસ્તકો સહકારી સંસ્થામાંથી ખરીદ કરવાનો નિયમ સરકાર બનાવે તેવો અનુરોધ કર્યો હતો. શનાભાઈ વણકરે ગ્રામ ગ્રંથાલયોને અપાતી ગ્રાન્ટનો ૨૫ ટકાના લોકફાળાનો નિયમ કાઢી નાખવાની માંગણી કરી હતી જ્યારે સી. એચ. ઓઝાએ પુસ્તકો રાખવા માટેના કબાટો દાનમાં મેળવવાના પ્રયાસો કરવા જણાવ્યું હતું.

જશવંતભાઈ પટેલે ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ.ની અભૂતપૂર્વ ભેટયોજનાનો લાભ લેવા ભલામણ કરી હતી. વીતેલા વરસના હિસાબોને પણ સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

ગુજરાત પુસ્તકાલય સહાયક સરકારી મંડળ લિ.ની અવિનાશ મણિયારના પ્રમુખસ્થાને મળેલી ૯૬મી વાર્ષિક સામાન્ય સભામાં પણ વીતેલા વરસના હિસાબો તથા નવા વરસ માટેના અંદાજપત્રને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. મંડળના અધ્યક્ષ જશવંતભાઈ પટેલે વીતેલા વરસની સંતોષપ્રદ કામગીરીનો હેવાલ આપ્યો હતો. મંત્રી જયેન્દ્ર ભાવસારે હિસાબો રજૂ કર્યા હતા. અવિનાશ મણિયારે મંડળની શતાબ્દીની સારી રીતે ઉજવણી થઈ શકે તે માટેના સૂચનો આપવા જણાવ્યું હતું.

**– અવિનાશ મણિયાર**

# શ્રી રમણલાલ એલ. પટેલ

(જન્મ તા. ૨૭-૦૯-૧૯૪૬, સ્વર્ગવાસ તા. ૦૫-૦૯-૨૦૨૦)

એકવીસમી સદીના પ્રારંભે વિશ્વના તમામ દેશો અને પ્રત્યેક દેશવાસીઓ વિકાસ અને સ્વસ્થ જીવનના સ્વપ્ન સાથે આગળ વધી રહ્યા હતા. ત્યારે જ વર્ષ ૨૦૨૦ના પ્રારંભે જ કોરોના (Covid-19) નામથી ઓળખાતા સંક્રમણે તમામને પોતાના ભરડામાં લઈ લીધા. ભયના ઓથાર નીચે અનેક કુટુંબોએ પોતાના સ્વજન ગુમાવ્યા તો અનેક વ્યક્તિઓએ પોતાના સ્નેહી મિત્રોને પણ ગુમાવ્યા.

તા. ૦૫-૦૯-૨૦૨૦ને શનિવારના રોજ શિક્ષકદિને જ એક સહૃદયી, કુશળ શિક્ષક અને વહિવટકર્તા તેમજ આનંદી સ્વભાવ ધરાવતા શ્રી રમણલાલ એલ. પટેલને ગુમાવ્યાનું દુ:ખ ગ્રંથાલય જગતના તમામ મિત્રો અને વિદ્યાર્થીઓ અનુભવી રહ્યા છે.

**૧. શૈશવ કાળ :**

અમદાવાદ શહેર જ્યારે આટલું વિકસિત પણ નહોતું ત્યારે અમદાવાદ શહેરના સિમાડા પરના ચાંદખેડા ગામના ખેડૂતોનો મુખ્ય વ્યવસાય ખેતી હતો. આ ગામના સામાન્ય ખેડૂત પરિવારમાં શ્રી રમણલાલ પટેલનો જન્મ તા. ૨૭-૦૯-૧૯૪૬ને શુક્રવારના રોજ થયો હતો. પિતાશ્રી લલ્લુભાઈ પટેલ અને માતા શ્રી નાથીબા ખૂબ જ નિષ્ઠાવાન, પરિશ્રમી અને મૂલ્યનિષ્ઠ હતા. આ પરિવારમાં પાંચ પુત્રોમાં શ્રી રમણલાલ બીજા ક્રમે હતા.

બાલ્યાવસ્થામાં જેમ જેમ મોટા થતા ગયા તેમ તેમ તેઓ પિતાશ્રીના ખેતી વ્યવસાયમાં મદદરૂપ બનતા ગયા. સાથે સાથે એક સમજદાર પુત્ર તરીકે પોતાના અભ્યાસકાળ દરમિયાન થનાર ફી, કપડાં વગેરે ખર્ચમાં મદદરૂપ બનવા પોતે સ્વનિર્ભર પણ બનતા ગયા.

**૨. અભ્યાસ :**

**૨.૧ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ :**

સને ૧૯૫૨-૫૩થી ૧૯૫૭-૫૮ દરમિયાન ચાંદખેડા ગામની કુમાર શાળામાં પ્રાથમિક શિક્ષણ મેળવ્યા બાદ સાબરમતી વિસ્તારની 'ધર્મનગર વિદ્યાલય' શાળામાં માધ્યમિક શિક્ષણ મેળવી સને ૧૯૬૩માં ધો. ૧૧ (મેટ્રીક્યુલેશન) પરીક્ષા ઉત્તિર્ણ કરી.

**૨.૨ ઉચ્ચ શિક્ષણ :**

**૨.૧ બી. એ. :** અમદાવાદની સુવિખ્યાત એચ. કે. આર્ટ્સ કૉલેજમાં ૧૯૬૩માં પ્રવેશ મેળવી 'અર્થશાસ્ત્ર' વિષય સાથે ૧૯૬૭માં બી.એ.ની પદવી પ્રાપ્ત કરી.

**૨.૨ એમ. એ. :** રાજકોટના વ્યવસાયકાળ દરમિયાન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી સને ૧૯૭૫માં 'અર્થશાસ્ત્ર' વિષય સાથે એમ.એ.ની પદવી પ્રાપ્ત કરી.

**૨.૩ વ્યાવસાયિક શિક્ષણ (ગ્રંથાલય વિજ્ઞાન) :**

(૧) **બી.એલ.એસસી. (B. L. Sc.)** : ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથાલય વિજ્ઞાન વિભાગમાં સને ૧૯૬૭-૬૮માં પ્રવેશ મેળવી બૅચલર ઑફ લાઈબ્રેરી સાયન્સ (B. L. Sc.) પદવી વર્ષ ૧૯૬૮માં મેળવી.

(૨) **એમ.એલ.આઈ.એસસી. (M.L.I.Sc.) :** રાજકોટ - સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ગ્રંથાલયના ફરજકાળ દરમિયાન ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગમાં પ્રવેશ મેળવી વર્ષ ૧૯૮૭માં M.L.I.Sc. ની પદવી પ્રથમ વર્ગમાં પ્રાપ્ત કરી.

**૩. વ્યવસાયલક્ષી કારકિર્દી :**

**૩.૧ કૉલેજ ગ્રંથપાલ :** ગ્રંથાલય વિજ્ઞાનની પદવી મેળવ્યા બાદ તુરત જ મહેસાણા ખાતે મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજમાં ગ્રંથપાલ તરીકે નિયુક્તિ પામ્યા. અહીં ૧૦ જૂન ૧૯૬૮ થી ૨૨ ડિસેમ્બર ૧૯૬૮ સુધી ફરજ બજાવી.

**૩.૨ ટેકનિકલ આસિસ્ટન્ટ :** રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ગ્રંથાલયમાં ટેક્નિકલ આસિસ્ટન્ટ તરીકે નિયુક્તિ પામી ૨૪ ડિસેમ્બર ૧૯૬૮ થી ૧૮ જૂન ૧૯૭૫ સુધી ગ્રંથાલયની વિવિધ કામગીરી બજાવી તેનો અનુભવ મેળવ્યો.

**૩.૩ મદદનીશ ગ્રંથપાલ :** ૧૯ જૂન ૧૯૭૫ થી ૧૯ ડિસેમ્બર ૧૯૯૩ સુધી આ ગ્રંથાલયમાં જ મદદનીશ ગ્રંથપાલ તરીકે વિવિધ વિભાગોની જવાબદારી નિભાવી.

**૩.૪ રીડર :** સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ગ્રંથાલયના બહોળા વહિવટી અનુભવની સાથે સાથે યુનિવર્સિટીના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગમાં મુલાકાતી અધ્યાપક તરીકેનો અધ્યાપન કાર્યનો અનુભવ ધરાવતા હોવાને કારણે ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગમાં રીડર તરીકે નિયુક્ત થયા. આ વિભાગમાં ૨૦ ડિસેમ્બર ૧૯૯૩ થી ૧૫ એપ્રિલ ૧૯૯૪ ના ટૂંકા ગાળા દરમિયાન શૈક્ષણિક જવાબદારીઓ નિભાવી. અહીં સહકર્મચારીઓ અને વિદ્યાર્થીઓમાં ખૂબ જ ચાહના મેળવી.

**૩.૫ યુનિવર્સિટી ગ્રંથપાલ :** વતનપ્રેમ અને કૌટુંબિક ભાવના તેમને અમદાવાદ ખેંચી લાવ્યા. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન વિભાગની સેવાઓ છોડી ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયના ગ્રંથપાલ (Chief Librarian) તરીકે ૧૬ એપ્રિલ ૧૯૯૪ના રોજ જોડાયા. આ ગ્રંથાલયમાં સંનિષ્ઠ સેવાઓ નિભાવ્યા બાદ તેઓ ૩૧ ઓક્ટોબર ૨૦૦૮માં સેવાનિવૃત્ત થયા.

**૪. અધ્યાપન કાર્ય :**

૪.૧ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ગ્રંથાલયના ફરજકાળ દરમિયાન મુલાકાતી અધ્યાપક તરીકે અને વિભાગના રીડર તરીકેના સમયગાળા દરમિયાન યુનિવર્સિટીના ગ્રંથાલય અને માહિતી વિભાગમાં વર્ષ ૧૯૭૬ થી ૧૯૯૪ સુધી ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન, સ્નાતક (BLIS) કક્ષાએ તેમજ વર્ષ ૧૯૮૮ થી ૧૯૯૪ સુધી પારંગત (MLIS) કક્ષાએ વિવિધ વિષયોનું અધ્યાપન દરમિયાન તેમના જ્ઞાન અને અનુભવનો લાભ વિદ્યાર્થીઓને આપ્યો અને વિદ્યાર્થીઓમાં પ્રીતિપાત્ર બન્યા.

૪.૨ : ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયમાં જોડાયા બાદ અને સેવાનિવૃત્તિ પછી પણ ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગમાં વર્ષ ૧૯૯૪ થી ૨૦૧૮ સુધી મુલાકાતી અધ્યાપક તરીકે વર્ષો સુધી સેવાઓ આપી. અહીં પણ અનેક વિદ્યાર્થીઓના રાહબર બન્યા અને ચાહના મેળવી.

૪.૩ : હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગમાં વર્ષ ૧૯૯૫-૯૬ના મુલાકાતી અધ્યાપક તરીકે પારંગત (MLIS) ના વિદ્યાર્થીઓ માટે અધ્યાપન કાર્ય કર્યું હતું.

**૪.૪ :** ગૂજરાત વિદ્યાપીઠના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગમાં વર્ષ ૨૦૧૮ થી મુલાકાતી અધ્યાપક તરીકે સેવાઓ આપતા હતા.

**૪.૫ :** વર્ષ ૨૦૦૮ થી ઇગ્નો (IGNOU) અને વર્ષ ૨૦૧૮ સુધીનો છેલ્લા ચાર વર્ષથી બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના સ્ટડી સેન્ટરમાં કાઉન્સેલર તરીકે BLIS ના વિદ્યાર્થીઓને અધ્યાપનકાર્ય દ્વારા માર્ગદર્શન પૂરું પાડતા રહ્યા હતા.

શ્રી રમણલાલ પટેલના મનગમતા વિષયો ગ્રંથાલય વર્ગીકરણ, ગ્રંથાલય સૂચિકરણ તેમજ ગ્રંથાલય સંચાલક હતા. ગ્રંથાલય વર્ગીકરણમાં DDC (દશાંશ) અને કોલન ક્લાસિફિકેશન (CC)માં તેમનું અભૂતપૂર્વ પ્રભુત્વ હતું. વિદ્યાર્થીઓને ખૂબ જ સરળ રીતે આવા અઘરા વિષયો પણ સમજાઈ જાય તે માટે અથાગ પ્રયત્નો કરતા હતા. વર્ગકાર્ય સિવાય પણ જ્યારે જરૂર પડે ત્યારે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડતા હતા. આજે પણ વિદ્યાર્થીઓ તેમની આ અધ્યાપન શૈલીને યાદ કરે છે.

**૫. શિક્ષણ ક્ષેત્રમાં અન્ય સેવાઓ :**

**૫.૧ :** બાબાસાહેબ આંબેડકર ઑપન યુનિવર્સિટીએ ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનનો સ્નાતક કક્ષાનો (BLIS) અભ્યાસક્રમ શરૂ કર્યો તે પહેલાં વિવિધ વિષય તજજ્ઞો પાસેથી ઇગ્નો (IGNOU)ના અંગ્રેજી પાઠો (Blocks)ના ભાષાંતરનું કાર્ય કરાવેલું. શ્રી રમણલાલ પટેલે ગ્રંથાલય વર્ટીકરણ - પ્રયોગ (BLIS-O3P)ના DDCના બે બ્લોકનું સરળ ભાષાંતર સમયમર્યાદામાં કરીને આપેલું.

**૫.૨ :** આ જ યુનિવર્સિટી માટે પારંગત (MLIS) અભ્યાસક્રમના (Academic Library System)ના બે બ્લોકનું પણ સરળ ભાષાંતર કરીને આપેલું.

**૫.૩ :** BAOU ના અનુવાદિત થયેલા જુદા જુદા પાઠો (Blocks)માંના ગ્રંથાલય વર્ગીકરણ (BLIS-03) વિષયના વિષય પરામર્શક તરીકે પણ સેવાઓ આપેલી.

**૫.૪ :** વર્ષ ૧૯૭૬ થી ૨૦૦૮ દરમિયાન ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓમાં સ્નાતક (BLIS) અને વર્ષ ૧૯૮૮ થી ૨૦૦૮ દરમિયાન પારંગત (MLIS) પરીક્ષાઓમાં પરીક્ષક તરીકે ઉત્તમ સેવાઓ આપેલી હતી.

**૫.૫ :** ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓની ગ્રંથાલય સમિતિ તેમજ વિભાગની અભ્યાસક્રમ સુધારણા સમિતિઓમાં વર્ષ ૧૯૭૬ થી ૨૦૦૮ સુધી રહી સલાહકાર તરીકે ઉત્તમ સેવાઓ આપેલી હતી.

**૫.૬ :** ગુજરાતની કેટલીક યુનિવર્સિટીઓ, કૉલેજો તેમજ અન્ય સંસ્થાઓમાં ગ્રંથપાલ પસંદગી સમિતિના સભ્ય તરીકે પસંદગી પ્રક્રિયામાં ઉત્તમ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

**૫.૭ :** પોતાની શૈક્ષણિક સેવાઓ દરમિયાન ગ્રંથપાલ અને માહિતી વિજ્ઞાનના પારંગત (MLIS) કક્ષાના ૬૦ થી પણ વધારે વિદ્યાર્થીઓના લઘુશોધ નિબંધ કાર્યમાં માર્ગદર્શક તરીકે ઉપયોગી બન્યા હતા. આ ઉપરાંત અન્ય યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓના લઘુશોધ નિબંધના પરીક્ષક તરીકે પણ સેવાઓ આપી હતી.

**૬. વહિવટી સેવાઓ :**

**૬.૧ :** ગુજરાત યુનિવર્સિટીની સ્થાપનાના ૫૦ વર્ષની ઉજવણી સમિતિના સભ્ય તરીકે ઉત્તમ વ્યવસ્થાકીય કામગીરી સંભાળી હતી.

૬.૨ : ગુજરાત યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાની કામગીરી યુનિવર્સિટીનું શૈક્ષણિક કેલેન્ડર તેમજ ડાયરી તૈયાર કરવા, સેનેટ - સિન્ડીકેટ સમિતિઓની ચૂંટણી, બી.એડ. પ્રવેશ સમિતિ, યુનિવર્સિટી કર્મચારીઓના તેમજ વિદ્યાર્થીઓની પ્રવેશ ઇન્ટર્વ્યુ પ્રક્રિયા વગેરે અનેક પ્રકારની જવાબદારીઓ સંભાળી કુશળતાપૂર્વક સંચાલન દ્વારા તેઓએ વહિવટી કામગીરીનો ઉત્તમ નમૂનો પૂરો પાડ્યો હતો.

૬.૩ : ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયમાં યાંત્રિકીકરણ (Automation) પ્રક્રિયા શરૂ કરાવવા માટે તેમજ તેની પૂર્વ તૈયારી રૂપે બારકોડ સાથેના પુસ્તકો તૈયાર કરાવવા તેમણે અથાગ પરિશ્રમ ઉઠાવેલો.

૬.૪ : અખિલ ગુજરાત યુનિવર્સિટી અને કૉલેજ પેન્શનર્સ સમાજના ઉપપ્રમુખ અને ત્યાર બાદ કાર્યકારી પ્રમુખ તરીકે ખૂબ જ સક્રિય રહી નિવૃત્ત સેવકોના અનેક પ્રશ્નોના સમાધાન કરવામાં સતત સક્રિય રહી નિષ્ઠાપૂર્વક સેવાઓ નિભાવી હતી.

આ સમાજ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવતા 'નિવૃત્ત સાથી' મુખપત્રના સમાચારો અને લેખો તૈયાર કરવામાં ખૂબ જ મહેનતપૂર્વક સાથ નિભાવ્યો હતો.

**૭. સભ્યપદ :**

**૭.૧ :** ભારતના રાષ્ટ્રીય કક્ષાના ગ્રંથાલય મંડળો જેવા કે, ILA, IATLIS, MANLIBNET ઉપરાંત સ્થાનિક મંડળો જેવા કે ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ ગુજરાત પુસ્તકાલય મંડળ, અખિલ ગુજરાત યુનિવર્સિટી અને કૉલેજ પેન્શનર્સ સમાજ વગેરેમાં સભ્ય તરીકે સક્રિય રહ્યા હતા. ડૉ. કૃષ્ણકાંત કડકિયા ટ્રસ્ટ સંચાલિત 'સ્ટડી એન્ડ રિસર્ચ લાઈબ્રેરી'ના ટ્રસ્ટી તરીકે પણ સેવાઓ આપી હતી.

૭.૨ : ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના ઉપપ્રમુખ પદે વર્ષ ૦૩ થી સક્રિય રહી ગ્રંથાલય ક્ષેત્રના વિકાસ માટે તેમજ વિવિધ પરિસંવાદોના આયોજન, પરિસંવાદના લેખો પ્રસિદ્ધ કરવા વગેરેમાં તેમનું મહત્ત્વનું યોગદાન રહેલું હતું.

૭.૩ : ગુજરાત જાહેર સેવા સમિતિ (GPSC)માં પસંદગી સમિતિના સભ્ય તરીકે વર્ષ ૨૦૦૧ થી ૨૦૦૩ તેમજ સરકારની પુસ્તક પસંદગી સમિતિમાં વર્ષ ૨૦૦૧ થી ૨૦૦૫ દરમિયાન સેવાઓ આપી હતી.

૭.૪ : ગુજરાત જાહેર પુસ્તકાલય અધિનિયમ-૨૦૦૧ના મુસદ્દા ઘડવામાં ૧૯૯૯ થી ૨૦૦૧ દરમિયાન સમિતિના સભ્યપદે રહી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

**૮. પરિસંવાદો, પરિષદો, કાર્યશાળાઓ અને ઓપન વર્ગો :**

**૮.૧ પરિસંવાદો અને પરિષદો :** રાષ્ટ્રીય કક્ષાના ૧૫ અને પ્રાદેશિક કક્ષાના ૧૦ પરિસંવાદો અને પરિષદોમાં સક્રિયપણે ભાગ લીધો હતો. રાજકોટ ખાતે યોજાયેલ IATLIS ના રાષ્ટ્રીય પરિસંવાદના સોવિનિયરના સહસંપાદક પણ રહ્યા હતા.

**૮.૨ : ઓપ વર્ગો :** સૌરાષ્ટ્ર યુનિવર્સિટી આયોજિત ઓપવર્ગ (૨૦૦૧) તેમજ ગુજરાત યુનિવર્સિટી - એકેડેમીક સ્ટાફ કૉલેજ આયોજિત ચાર જેટલા ઓપવર્ગોના કો-ઓર્ડિનેટર તરીકે (૨૦૦૭-૦૮) સેવાઓ આપેલી.

૮.૩ : લેખો અને સંપાદન : ગ્રંથાલય ક્ષેત્રના પરિસંવાદોની કાર્યવાહી (પ્રોસિડિંગ્સ)માં દસ જેટલા લેખો પ્રસિદ્ધ થયેલા છે. કાર્યવાહીના સંપાદક ઉપરાંત વર્ગ ૧૯૯૭માં ગુજરાત યુનિવર્સિટીના મુખપત્ર 'વિદ્યાવૃત્ત'ના સંપાદક તરીકે પણ જવાબદારી સંભાળી હતી.

૮.૪ : ગુજરાત સરકારના માધ્યમિક - ઉચ્ચતર માધ્યમિક વિભાગ દ્વારા અંબાજી અને મહુડી ખાતે યોજાયેલ 'કર્મયોગી' તાલીમ કાર્યશાળામાં શિક્ષકોને ગ્રંથાલય વ્યવસ્થા સંદર્ભે તાલીમ આપી હતી. આ ઉપરાંત ગુજરાત હાઈકોર્ટ આયોજિત અદાલતોના ગ્રંથપાલોને તાલીમ કાર્યશાળામાં માર્ગદર્શન આપ્યું હતું.

**૯. શોખના વિષયો :**

**૯.૧ :** શાળા અને કૉલેજકાળમાં રમતગમત, એનસીસી વગેરેમાં ખૂબ જ રસ હતો. કૉલેજકાળ દરમિયાન વિવિધ રમતોની સ્પર્ધામાં વિજેતા બની પાંચ જેટલા પારિતોષિકો પણ મેળવ્યા હતા.

**૯.૨ :** અંગત જીવનમાં વાંચન, સંગીત, પ્રવાસ વગેરે શોખને પ્રાધાન્યતા આપી હતી. પ્રવાસ દરમિયાન તેમની વ્યવસ્થાશક્તિ પણ અદ્ભુત હતી.

**૯.૩ :** વહિવટી કામગીરી સંભાળતા હોવા છતાં અધ્યાપન પણ તેમનો આગવો શોખ હતો. જે તેઓએ જીવનના અંત સુધી નિભાવ્યો હતો.

**૧૦. કૌટુંબિક સફર :**

શ્રી રમણલાલ પટેલ વર્ષ ૧૯૭૧માં ભારતીબહેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા. રાજકોટના નિવાસ દરમિયાન તેમણે તેમના ધર્મપત્ની ભારતીબહેનને તેમના જ વિદ્યાર્થિની તરીકે ગ્રંથાલય વિજ્ઞાનનો અભ્યાસ કરાવ્યો હતો. રાજકોટ અને ત્યાર બાદ અમદાવાદ આ બંને શહેરોમાં સુખી દામ્પત્ય જીવન જીવતા આ દંપતિઓ તેમના સરળ અને આતિથ્યભાવ સ્વભાવને કારણે અનેકના દિલ જીતી લીધા હતા. તેમના બે પુત્રો નિરજ (MICA Library) અને ધવલ (ગુજરાત યુનિવર્સિટી) બંને સરળ અને વિવેકી સ્વભાવ ધરાવે છે.

આ પરિવારના મોભી શ્રી રમણલાલ પટેલ તા. ૫-૯-૨૦૨૦ ને શનિવારના દિવસે આ સંસારને અલવિદા કરી અચાનક જ ચાલ્યા ગયા, તો સદા તેમની સાથે રહી તેમને અનુસરતા તેમના ધર્મપત્ની ભારતીબહેન પણ તા. ૧૪-૯-૨૦૨૦ને સોમવારના દિવસે આ દુનિયામાંથી વિદાય થયા.

આ ખૂબ જ દુઃખદ ઘટનાને તેમના પરિવારજનો અને સંબંધીઓ, મિત્રો ક્યારેય ભૂલી શકે તેમ નથી.

**- નવલસિંહ વાઘેલા**

**પૂર્વ ગ્રંથપાલ અને વિભાગીય અધ્યક્ષ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ**

## ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ ચૂંટાતા પ્રકાશ ન. શાહ

ગુજરાતી સાહિત્ય પરિષદના નવા પ્રમુખ તરીકે જાણીતા પત્રકાર અને સમીક્ષક પ્રકાશ ન. શાહ ત્રણ વરસ માટે ચૂંટાઈ આવ્યા છે. એ માટે યોજાયેલી ચૂંટણીમાં તેમને ૧૨૯૨માંથી ૫૬૨ મત મળ્યા હતા જ્યારે તેમના પ્રતિસ્પર્ધી હર્ષદ ત્રિવેદીને ૫૩૩ અને હરિકૃષ્ણ પાઠકને ૧૯૭ મત મળ્યા હતા. શાળાના અભ્યાસ વડોદરામાં અને ત્યાર બાદ અમદાવાદમાં અધ્યયન તેમજ અધ્યાપન કાર્ય કરી ચૂકેલા પ્રકાશભાઈએ ગુજરાતી સાહિત્ય પરિષદના મહામંત્રી અને ઉપપ્રમુખ તરીકે સેવાઓ આપી છે. શિક્ષણ, સાહિત્ય, પત્રકારત્વ અને રાજનીતિમાં તેમનો અભિગમ પ્રગતિશીલ અને લોકશિક્ષણની નિસબતવાળો રહ્યો છે. કટોકટી વખતે જેલવાસ વેઠનાર પ્રકાશભાઈ અગાઉ 'વિશ્વમાનવ', 'અખંડાનંદ' તથા 'લોકસત્તા-જનસત્તા' પત્રોના સંપાદનકાર્ય સાથે પણ સંકળાયેલા હતા. 'દિવ્યભાસ્કર' દૈનિકના તેઓ કટાર લેખક છે. ગાંધી શાંતિ પ્રતિષ્ઠાનમાં મંત્રી પણ રહી ચૂકયા છે. રસિક નાગરિકની જાગૃતિ વિષયક કેળવણી માટે મથામણ કરતા પ્રકાશભાઈ અન્ય અનેક સંગઠનોમાં પણ સક્રિય હતા અને છે. ૧૯૯૨થી તેઓ વિચારપત્ર 'નિરીક્ષક'ના તંત્રી છે. ગુજરાતમાં અને ગુજરાત બહાર અનેક વિચારપ્રેરક વ્યાખ્યાનો તેમણે આપ્યા છે. **- પંકજ બાવિશી**

(શ્રધ્ધાંજલિ)

## એક કર્મઠ, પ્રતિબદ્ધ અને સંવેદનશીલ ગ્રંથાલયી

## રમણલાલ એલ. પટેલની ચિરવિદાલ

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સેવા-નિવૃત્ત યુનિવર્સિટી લાઇબ્રેરિઅન, ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના ઉપપ્રમુખ અને 'અખિલ ગુજરાત યુનિવર્સિટી અને કૉલેજ પેન્શનર્સ સમાજના સંગઠન મંત્રી શ્રી રમણલાલ એલ. પટેલ (૧૯૪૬)નું કોરોનાના કારણે શિક્ષક દિન, તા. ૫ સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ અને તેમનાં ધર્મપત્ની શ્રીમતી ભારતીબેન પટેલનું કોરોનાને જ કારણે તા. ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ અવસાન થતાં ગુજરાતના ગ્રંથાલય ક્ષેત્ર અને 'પેન્શનર્સ સમાજ'માં ઘેરા શોકની લાગણી પ્રવર્તી ગઈ.

શ્રી રમણભાઈ એક કર્મઠ, પ્રતિબદ્ધ - committed, સંવેદનશીલ અને વ્યવહારદક્ષ ગ્રંથાલયી તેમજ ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના પ્રજ્ઞાવાન અને વિદ્યાર્થીવત્સલ અધ્યાપક તેમજ સવિશેષઃ સહૃદયી અને પરગજુ વ્યક્તિત્વથી સંપન્ન હોવાની સાથે આખા બોલા છતાં સૌજન્યશીલ તેમજ સુંદર અક્ષરો અને તેની સાથે જ વિશુદ્ધ ભાષાભિવ્યક્તિ એ તેમની પોતીની મૂડી હતી. એક કર્મઠ અને દ્રષ્ટિપૂત ગ્રંથાલયી તરીકે પ્રારંભમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ગ્રંથાલય અને ત્યારબાદ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયના વ્યવસ્થાપન અને ગ્રંથાલયસેવાઓના આયોજનમાં કરેલ કામગીરી ભારે સરાહનીય અને અનુકરણીય રહી છે. ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયમાં તેમના કાર્યકાળ દરમિયાન ગ્રંથાલય યાંત્રિકીકરણનો પ્રારંભ કરવામાં આવતાં સારી પ્રગતિ હાંસલ કરી હતી. ગ્રંથાલયના સુચારૂ સંચાલન માટે કર્મચારીઓ કરોડરજ્જુ સમાન છે તે આપ્તવાણીને આત્મસાત કરીને ગ્રંથાલયના વિવિધ સ્તરના કર્મચારીઓ સાથે માનવીય સંસ્પર્શ સાથે સંબંધો કેળવવા ઉપરાંત વિવિધ સ્તરના કર્મચારીઓમાં ગ્રંથાલય પરિવારની તથા પરસ્પર સૌહાર્દની ભાવના પેદા કરતાં તેઓશ્રી સૌના પોતીકા બની જવાની સાથે સ્નેહાદરના અધિકારી બની રહ્યા હતા. તેમની પ્રકૃતિ જ મૂલતઃ ''**सर्वेषां सुहृत नित्यं सर्वेषां च हिते रता.**'' રહી હતી. તેમના સાથી કાર્યકરો પૈકી શ્રી મહિપતસિંહ વાઘેલા અને શ્રી અશ્વિન ભાવસારની તેમના પ્રતિ શ્રદ્ધા-ભક્તિ સાથેની કર્તવ્યનિષ્ઠા રહી હોવાના કારણે યુનિવર્સિટી ગ્રંથાલયના કામકાજ સંબંધી ઘણી બધી જવાબદારીઓ તેઓશ્રી પ્રસન્નતાપૂર્વક ઉઠાવી લેતા રહ્યા હોવાથી યુનિવર્સિટીના વખતોવખતના કુલપતિશ્રીઓ શ્રી રમણભાઈને વિવિધ જવાબદારીઓ સોંપતા રહ્યા હોવાથી યુનિવર્સિટી ગ્રંથાલય વિશે નિશ્ચિત બની તેનું સરળતાથી વહન કરી શકતા હતા. તેમને સોંપવામાં આવેલ બહુવિધ જવાબદારીઓ પૈકી યુનિવર્સિટીના વૃત્તપત્ર 'વિદ્યાવૃત્ત' નું સંપાદન - પ્રકાશન, યુનિવર્સિટીના પ્રકાશન અધિકારી, બી.એડ. પ્રવેશ એકમ, કર્મચારી ભરતી સંબંધી આયોજન, યુનિવર્સિટી કેલેન્ડર, સેનેટ-સિન્ડિકેટની ચૂંટણીઓ વગેરે સંબંધી રહી છે. આ બધાં કાર્યો તેમણે પ્રમાણિકતા અને ઉત્તરદાયિત્વની સભાનતા સાથે નિર્ધારિત સમયમર્યાદામાં સંપન્ન કર્યાં હતાં. પરિણામે તેઓશ્રી યુનિવર્સિટીના અઘોષિત 'Officer on Special Duty' બની રહ્યા હતા. આશ્ચર્ય અને દુઃખ તો એ છે કે આટ-આટલી કાર્યનિષ્ઠા અને સંસ્થાભક્તિ હોવાની સાથે અને યુનિવર્સિટીના કુલચિવ, લાઈબ્રેરિઅન, પરીક્ષા નિયામક અને મુખ્ય હિસાબી અધિકારીની નિવૃત્તિવયમર્યાદા યુજીસીના નિયમ મુજબ ૬૨ વર્ષની હોવા છતાં રમણભાઈ ૫૮ વર્ષની વય પૂર્ણ કરવાના આરે આવતાં તેમની સેવાનિવૃત્તિનો આદેશ રૂબરૂમાં ન આપતાં રાત્રે ઘેર પહોંચાડવામાં આવ્યો હતો. તત્કાલીન કુલપતિશ્રી - કુલસચિવશ્રી સાથે અંતરંગ ઘરોબો હોવા છતાં અને

તે દિવસે યુનિવર્સિટીનાં કેટલાંક કાર્યો રૂબરૂમાં સંપન્ન કર્યાં હોવા છતાં નિવૃત્તિપત્રનો નિર્દેશ પણ કોઈએ કર્યો ન હતો. આ અણધારી સ્થિતિ સમયે મનમાં કોઈ કડવાશ લાવ્યા સિવાય રમણભાઈએ પૂર્ણધૈર્ય, સમતા અને સ્વસ્થતા જાળવીને પોતાના વાજબી હક માટે કોર્ટનો રાહ પકડતાં તેઓશ્રી વિજયી નીવડતાંની સાથે જ સ્વભાવવશ પૂર્વવત જવાબદારીઓ નિવૃત્તિપર્યંત નિભાવતા રહ્યા હતા. તેમની ક્ષમાપનાની અને કામગરાની પ્રકૃતિના કારણે જ સૌના વહાલા બની રહ્યા હતા.

તેમણે પ્રેક્ટિસિંગ ગ્રંથાલયીની સાથે ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના મુલાકાતી અધ્યાપક તરીકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી (૧૯૭૫-૧૯૯૩) અને આ જ યુનિવર્સિટીના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગમાં રીડર તરીકે રેગ્યુલર ધોરણે ભરતી થતાં ૨૦ ડિસેમ્બર, ૧૯૯૩થી ૧૫ એપ્રિલ, ૧૯૯૪ સુધી આ પદ ઉપર તેમણે સેવાઓ આપી હતી. ત્યાર બાદ ગુજરાત યુનિવર્સિટી (૧૯૯૩-૨૦૦૮)માં મુલાકાતી અધ્યાપક તરીકે નિવૃત્તિપર્યંત સેવાઓ આપી હતી. આ સેવાકાળ દરમિયાન અને ત્યારબાદ પણ ગુજરાત યુનિવર્સિટી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, શ્રીમતી ઇંદિરા ગાંધી ઓપન યુનિવર્સિટી અને ગૂજરાત વિદ્યાપીઠમાં મુલાકાતી અધ્યાપક તરીકે પ્રસંગોપાત્ત સેવાઓ આપતા રહ્યા હતા. પરિણામે તેમનો વિદ્યાર્થી ચાહકવર્ગ ઘણો મોટો રહ્યો છે. તેમના માર્ગદર્શન હેઠળ M.L.I.Sc. ના ૬૦+ વિદ્યાર્થીઓએ લઘુશોધ નિબંધો તૈયાર કર્યાં હતા. તેમના અધ્યયન - અધ્યાપનના વિષયો મુખ્યતઃ ડ્યૂઈ ડેસિમલ ક્લાસિફિકેશન અને યુનિવર્સલ ગ્રંથાલય વ્યવસ્થાપન, સૂચિકણ વગેરે રહ્યા હતા. વર્ગીકરણ વિષય ક્ષેત્રમાં તેમનું જ્ઞાન પ્રભાવક હતું. જેની તેમના વિદ્યાર્થીઓ હોંશે હોંશે પ્રશંસા કરતા જોવા મળ્યા છે. આ લખનારે પણ ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનની સ્નાતક અને અનુસ્નાતક કક્ષાઓની પ્રાયોગિક પરીક્ષાઓ સમયે પ્રસ્તુત વિષયક્ષેત્રે તેમના આધિકારિક જ્ઞાનનો અનુભવ કર્યો છે. વર્ગીકરણ પદ્ધતિઓના અધ્યયન - અધ્યાપન વિશે તેમના સંદર્ભે આ એક હકીકતજન્ય બાબત છે. તેમની અધ્યાપનકળા પણ સ્પર્શી જાય તેવી રહી હતી. શિક્ષક સંદર્ભે મહાકવિ કાલિદાસનું મંતવ્ય -

**शिष्टा क्रिया कस्यचिदात्मसंस्था संक्रान्तिरन्यस्य विशेषयुक्ता**

**यस्योभयं साधु स शिक्षकणां धुरि प्रतिष्ठापयितव्य एव ॥**

**(માલવિકાગ્નિમિત્રમ્ ૧.૧૬)**

અર્થાત્ 'કોઈ (શિક્ષક)માં પોતાની અંદર રહેલ વિદ્યા ઉત્તમ હોય છે. જ્યારે બીજાનામાં વિદ્યાનું સંક્રમણ (શીખવવાની કળા) વિશેષતાવાળું હોય છે. જેનામાં બંને સારાં હોય તેને જ શિક્ષકોમાં મોખરે સ્થાન આપવું જોઈએ' તેમને યથાર્થમાં લાગુ પડે છે. એટલે કે ગ્રંથાલય વિજ્ઞાનના શિક્ષક તરીકે તેઓશ્રી વિષય ક્ષેત્રનું સ્પર્શી જાય તેવું જ્ઞાન ધરાવવાની સાથે તેને વિદ્યાર્થીઓમાં સંક્રમિત કરવાની કળા - અધ્યાપનકળા પણ તેટલી જ શ્રેષ્ઠ ધરાવવાના કારણે મોખરાના સ્થાનના અધિકારી બની રહ્યા હતા.

એક ગ્રંથાલયી અને ગ્રંથાલયશાસ્ત્રના અધ્યાપક તરીકે રાજ્ય કે રાષ્ટ્રીય સ્તરનાં કેટલાંક અધિવેશનોમાં ભાગ લેવાની સાથે ઘરઆંગણે યુનિવર્સિટી ગ્રંથાલય અને ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગનાં સંયુક્ત ઉપક્રમે આયોજિત IATLIS, GGSS વગેરેનાં વાર્ષિક અધિવેશનોના આયોજનોમાં તેમની સક્રિયતા નોંધપાત્ર રહી હતી. ગ્રંથાલય વિજ્ઞાન વિશેના તેમના કેટલાક લેખો વિવિધ પ્રોસિડિંગ્સ ઉપરાંત ગ્રંથાલયશાસ્ત્રનાં કેટલાંક સંપાદિત પુસ્તકોમાં પ્રકાશિત છે. આ ઉપરાંત ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન

યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત કોર્સ મટિરિયલ્સ અંતર્ગત B.Lib.Sc. માટે ગ્રંથાલય વર્ગીકરણ સિદ્ધાંત, ગ્રંથાલય સૂચિકરણ સિદ્ધાંત અને M.Lib.Sc. માટે શૈક્ષણિક સંશોધનના કેટલાક એકમોનું લેખન તેમજ પરામર્શન તેમણે કર્યું છે. આ ઉપરાંત આ પૂર્વે આ યુનિવર્સિટી માટે IGNOU ના અંગ્રેજી કોર્સ મટિરિઅલ્સ પૈકી ;Library Classification - Practical : DDC'નો ગુજરાતી અનુવાદ પણ તેમણે કર્યો છે. ગ્રંથાલયશાસ્ત્રના વિવિધ અધ્યયનશીલ લેખો ઉપરાંત પોતાના ગુરુવર્યો સ્વ. પી. એફ. પટેલ સાહેબ અને સ્વ. રમેશચંદ્ર ગાંધીસાહેબ વિશે તેમનાં જીવનચરિત્ર વિશેના લેખોમાં તેમનો અધ્યાપકીય નિષ્ઠા, વહિવટીય સૂઝ અને ગ્રંથાલય ક્ષેત્રે પ્રદાનનું મૂલ્યાંકન સ્વાનુભાવ આધારિત કર્યું છે. આ બંને ગુરૂવર્યો વિશે તેમનાં સ્નેહીજનોનો સંપર્ક સાધવા ઉપરાંત પ્રાપ્ત સાહિત્ય વગેરેનો સંશોધનાત્મક અભિગમથી અભ્યાસ કરીને હૃદયસ્થભાવે નિવાપાંજલિ અર્પણ કરી છે. આ ઉપરાંત તેમના પૂર્વ-સાથીદાર અને અંતરંગ સખા એવા મદદનીશ ગ્રંથપાલ શ્રી મહિપતસિંહ વાઘેલા અને ગૂજરાત વિદ્યાપીઠના સેવાનિવૃત્ત ગ્રંથપાલ શ્રી નવલસિંહ વાઘેલા વિશે પણ તેમણે અભ્યાસપૂર્ણ અને સ્મરણીય ચરિત્રો લખ્યાં છે. આ બંને ચરિત્રો તો તેમના અવસાન થયાના થોડાક દિવસો પૂર્વે જ તૈયાર કરીને આ લખનારને સોંપ્યા હતાં. આ બધાં ચરિત્ર-ચિત્રણો રમણભાઈની સર્જક-પ્રતિભાના દ્યોતક છે.

'ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ'નો પર્યાય બની રહેલા તેના પ્રમુખ શ્રી પ્રવીણભાઈ શાહનું ૨૦૧૫માં અવસાન થયા પછી તેના પ્રમુખ તરીકે શ્રી કિરીટભાઈ ભાવસાર અને ઉપપ્રમુખ તરીકે શ્રી રમણભાઈ પટેલ દ્વારા ધુરા સંભાળી લેવામાં આવી. આ જવાબદારી સંભાળતાંની સાથે જ તેઓશ્રીએ 'સંઘ'ને સમર્પિત બની રહી ગતિ પ્રદાન કરવામાં અસાધારણ ભૂમિકા અદા કરી હતી. પ્રમુખશ્રી કિરીટભાઈ સુસ્વાસ્થ્યના અભાવે પ્રસંગોપાત્ત યોજાતી મિટીંગો, કાર્યક્રમોમાં ઉપસ્થિત ન રહી શકતા હોવાથી તેમની અનુપસ્થિતિનો અહેસાસ થવા ન દઈ સઘળાં કાર્યો સંપન્ન કરતા રહ્યા હતા. સંઘના પ્રમુખશ્રી કિરીટભાઈ ભાવસારનું વર્ષ ૨૦૧૯માં અવસાન થયા બાદ પોતે ઉપપ્રમુખપદે ચાલુ રહીને 'સેવા સંઘ'ના અદના સેવક અને કર્મઠ મંત્રી શ્રી પંકજ બાવિશી પ્રમુખપદ સંભાળે તેવો આગ્રહ રાખ્યો અને તેને ક્રિયાન્વિત કરવામાં તેમની દૂરંદેશિતા અને '**तेन त्यक्तेन भुंजीथा**'ની ભાવના જ કારણભૂત જોવા મળી છે. વર્ષ ૨૦૧૬ થી ૨૦૨૦ સુધી સંઘના વાર્ષિક અધિવેશનોનું સફળતાપૂર્વક આયોજન કરવા અંતર્ગત વિષય નિર્ધારણ, પ્રાપ્ત લેખોનું સંપાદન, પ્રોસિડિંગ્સનું પ્રકાશન, સ્થળનિર્ધારણ અને અન્ય આનુષંગિક બાબતોનું વ્યવસ્થાપન વગેરે પાછળની તમામ જવાબદારીઓની સભાનતા સાથેની શ્રી રમણભાઈ, શ્રી પંકજભાઈ અને શ્રી કિરીટભાઈ ગંધકવાલાની દ્રષ્ટિપૂત કામગીરી વ્યવસાયિક નિષ્ઠા અને સમર્પિતતાની દ્યોતક બની રહે છે. આ ૫ અધિવેશનોનાં પ્રોસિડિંગ્સનું શ્રી રમણલાલ પટેલ અને શ્રી પંકજ બાવિશીએ સંયુક્ત રીતે કરેલ સંપાદન બહુવિધ રીતે મૂલ્યવાન બની રહે છે - ખાસ તો ગ્રંથાલય વિજ્ઞાનના અદ્યતન વિષયો સંદર્ભે ગુજરાતી ભાષામાં સામગ્રી સુલભ કરાવવામાં. આ ઉપરાંત આ બધાં પ્રોસિડિંગ્સમાં તેમના કેટલાક લેખો ઉપરાંત પ્રાસંગિક ઉદ્બોધનો પણ સમાવિષ્ટ છે, જે તેમને સમજવા માટે ઉપકારક બની રહેશે.

ડૉ. રમણભાઈને નજદીકથી ઓળખનાર જરૂર કબૂલ કરશે કે તેઓશ્રી 'Work is Worship' કે ગીતામંત્ર '**कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन...**'ની ભાવનાનું મૂર્તિમંત સ્વરૂપ હતા. યુનિવર્સિટી ગ્રંથાલયી તરીકે વયોચિત નિવૃત્તિ મેળવ્યા બાદ 'ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ' સાથે જોડાવું એ સ્વધર્મનું પાલન હતું, પરંતુ 'અખિલ ગુજરાત યુનિવર્સિટી અને કોલેજ પેન્શનર્સ સમાજ' સાથે તેના એક કાર્યકર

તરીકે - સંગઠન મંત્રી તરીકે જોડાવા પાછળ શ્રી કનુભાઈ શાહનો આગ્રહ અને પેન્શનર્સ સમાજ માટે કંઈક કરી છૂટવાની તેમની ઉદાત્ત ભાવના જ ઉત્તરદાયી રહી છે. ખાસ તો એટલા માટે કે આ સમાજ સાથે જોડાઈને તેમને પ્રત્યક્ષ કોઈ લાભ થવાનો ન હતો. કારણ કે યુનિવર્સિટી ગ્રંથપાલને યુજીસીનાં નહીં, પરંતુ રાજય સરકારનાં પગારધોરણો ઇત્યાદિ લાગુ પડતાં હોવાથી આ સમાજ રમણભાઈનાં - યુનિવર્સિટી ગ્રંથપાલોનાં હિતોની રક્ષા ન કરી શકે તેનાથી તેઓ જ્ઞાત હોવા છતાં જોડાયા હતા. આ સેવાકાર્યમાં જોડાઈને શ્રી કનુભાઈ શાહના અંતરંગ સહાયક - સખા બનીને સમયના અવરોધને ધ્યાને લીધા સિવાય ડગલે ને પગલે કનુભાઈ સાથે રહ્યા હતા. જેની પ્રતીતિ ‘સમાજ’ દ્વારા સંપન્ન કરેલાં કાર્યોની સાથે સાથે શ્રી કનુભાઈના અવસાન બાદ તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં લેખો ‘કનુભાઈ શાહના પ્રેરક પ્રસંગો’. અભિદૃષ્ટિ ૧૪.૧૫૦ (ઓગસ્ટ ૨૦૨૦) : ૧૯-૨૨ અને ‘ભાવાંજલિ - શ્રદ્ધાંજલિ - સ્મરણાંજલિ’. નિવૃત્ત સાથી ૧૫૬ (જુલાઈ ૨૦૨૦) : ૭-૯ના માધ્યમથી થાય છે. આ સાથે જ કનુભાઈ પ્રતિ વિશેષ આસ્થાભાવ ધરાવતા હોવાથી કનુભાઈની સ્મૃતિમાં પ્રકાશિત ‘અભિદ્રષ્ટિ’ જુલાઈ ૨૦૨૦ના અંકના પુરસ્કર્તા પણ બન્યા હતા. આવા મૂઠી ઊંચેરા રમણભાઈ પટેલ ખરા અર્થમાં ‘કર્મયોગી પુરુષ’ હતા.

યુનિવર્સિટી ગ્રંથપાલ અને ગ્રંથાલયશાસ્ત્રના અધ્યાપક તરીકે હોદ્દાગત આવશ્યક આનુસંગિક કામગીરીઓ ઉપરાંત ‘ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન’ દ્વારા ભરતી કરવામાં આવનાર ગ્રંથપાલોની પસંદગી સમિતિના સભ્ય (૨૦૦૧-૦૩), ગુજરાત રાજય સાર્વજનિક ગ્રંથાલય અધિનિયમની મુસદ્દા સમિતિના સભ્ય (૧૯૯૯-૨૦૦૧), ગુજરાત રાજય ગ્રંથાલય નિયામકની કચેરી દ્વારા રાજા રામમનોહર રાય લાઈબ્રેરી ફાઉન્ડેશનના ઉપક્રમે સાર્વજનિક પુસ્તકાલયો માટે પુસ્તકોની પસંદગી સમિતિના સભ્ય (૨૦૦૧-૦૫), સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક સ્ટાફ ટ્રેનિંગ કૉલેજો દ્વારા ગ્રંથપાલો માટે આયોજિત ચારેક ઓરિએન્ટેશન અને રિફ્રેશર કોર્સિસના કો-ઓર્ડિનેટર, રાજયની કેટલીક યુનિવર્સિટીઓની ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિષયની અભ્યાસ સમિતિઓના સભ્ય, ગ્રંથપાલો માટેની ‘કર્મયોગી તાલીમ’ના પ્રશિક્ષક વગેરે કાર્યો હેતુ તેમની નિયુક્તિ કરવામાં આવતાં તેમણે સેવાઓ આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી રમણભાઈ પટેલનું વતન ચાંદખેડા ગામ. હાલમાં અમદાવાદનો એક ભાગ, જ્યાં તેમનો જન્મ કૃષિપરિવારમાં તા. ૨૭ સપ્ટેમ્બર, ૧૯૪૬ના રોજ થયો હતો. પિતાશ્રીનું નામ શ્રી લલ્લુભાઈ અમીચંદદાસ પટેલ અને માતાનું નામ શ્રીમતી નાથીબહેન. તેમનાં પત્નીનું નામ શ્રીમતી ભારતીબહેન. તેમના પરિવારમાં બે પુત્રો ડૉ. નીરજ અને ધવલ. તેમણે ચાંદખેડાની સરકારી પ્રાથમિક શાળામાં અને સાબરમતીની ધર્મનગર હાઈસ્કૂલમાંથી શિક્ષણ મેળવ્યા પછી એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાંથી બી.એ. (૧૯૬૭)નો અભ્યાસ અર્થશાસ્ત્ર સાથે પૂર્ણ કર્યા બાદ ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગમાંથી B.Lib.Sc. (૧૯૬૮)ની ડિગ્રી મેળવી હતી. સમયાન્તરે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટમાંથી એમ.એ. (૧૯૭૬) અર્થશાસ્ત્ર અને ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ દ્વારા સૌ પ્રથમ શરૂ કરવામાં આવેલ ગ્રંથાલયશાસ્ત્રના અનુસ્નાતક અભ્યાસક્રમની પ્રથમ બેચમાં પ્રવેશ મેળવી M.L.I.Sc. (૧૯૮૭)ની ડિગ્રી પ્રથમ વર્ગ સાથે મેળવી હતી.

ગ્રંથાલય ક્ષેત્રે વ્યવસાયિક કારકિર્દીનો પ્રારંભ મહેસાણાની મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજમાં ગ્રંથપાલ તરીકે જૂન ૧૯૬૮માં જોડાઈને કર્યો હતો. આ સમયે આ લખનાર સદર કૉલેજમાં એસ.વાય.બી.એ.ના વર્ગમાં અભ્યાસ કરતો હોવાથી તેમના ગ્રંથાલયિત્વથી સુપરિચિત રહ્યો છે. આ સેવાકાળ દરમિયાન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના યુનિવર્સિટી ગ્રંથાલયમાં, ટેક્નિકલ આસિસ્ટન્ટ તરીકે પસંદગી થતાં ૨૩ ડિસેમ્બર, ૧૯૬૮ના રોજ અહીં જોડાયા. આ જ યુનિવર્સિટીના ગ્રંથાલયમાં ૧૯૭૫માં આસિસ્ટન્ટ લાઈબ્રેરિઅન તરીકે અને ત્યારબાદ યુનિવર્સિટીના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગમાં રીડર તરીકે પસંદ થતાં તા. ૨૦ ડિસેમ્બર, ૧૯૯૩ના રોજ આ પદભાર સંભાળી લીધો હતો. રીડર તરીકેના સેવાકાળ દરમિયાન પોતાના વતનની માતૃસંસ્થા ગુજરાત યુનિવર્સિટીમાં યુનિવર્સિટી લાઇબ્રેરિઅન તરીકે પસંદગી થતાં ૧૬ એપ્રિલ, ૧૯૯૩ના રોજ અહીં જોડાયા અને વયોચિત નિવૃત્તિપર્યંત અર્થાત્ તા. ૩૧ ઑક્ટોબર, ૨૦૦૮ સુધી તેમણે સેવાઓ આપી હતી.

સદ્‌ગત ઉભય આત્માઓને ઈશ્વર ચિર શાંતિ અર્પે તેવી આર્તસ્વરે સર્વ વિદ્યાલય પરિવારની પ્રાર્થના.

**સંપર્ક :** **ડૉ. નીરજ રમણલાલ પટેલ**, મો. ૯૩૨૭૪ ૪૩૦૮૧, **ધવલ રમણલાલ પટેલ**, મો. ૯૮૯૮૦ ૯૩૭૯૪

**— મણિભાઈ પ્રજાપતિ**

**- ડાયરેકટર ઑફ પબ્લિકેશન્સ-કડી સર્વ વિશ્વવિદ્યાલય-ગાંધીનગર**

## ૧. ખેતમજૂરનો પુસ્તક પ્રેમ

તાલુકા મથક લખતરથી પંદરેક કિલોમીટર દૂર આવેલા અને ૧૫૦૦ માણસોની વસતી ધરાવતા ધણાદ ગામના ખેતમજૂર કાનજીભાઈ ચતુરભાઈ પટેલે, ભજનમાં આવતા શબ્દોના અર્થ સમજવા માટે વાંચવાનો શોખ કેળવ્યો હતો અને તે વધતો રહ્યો છે. એટલું જ નહીં, તેઓ બીજા ગ્રામજનોને પણ વાંચવા માટે પ્રોત્સાહિત કરી રહ્યા છે. તેઓના ઘર પુસ્તકાલયમાં પાંચ હજારથી વધુ પુસ્તકો છે જે તેઓ રસિકોને કશી ફી લીધા વગર વાંચવા માટે આપે છે. તેના માટે સમયનું બંધન પણ રાખ્યું નથી. આમાંના કેટલાક પુસ્તકો તેમને ગુરૂ સ્વામી શ્રી કૃષ્ણાનંદજીએ આપેલ છે અને મોટા ભાગના પુસ્તકો જૂના પુસ્તકોની બજારમાંથી ખરીદેલા છે.

## ૨. સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે પુસ્તકાલય

કપડવંજ વિતારના સ્પર્ધાત્મક પરીક્ષાઓના પરીક્ષાર્થીઓ માટે, લીઓ ક્લબ ઉમ્મીદ તથા વી. એસ. ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટના ઉપક્રમે પુસ્તકાલયનો પ્રારંભ પ્રાંતઅધિકારીના હસ્તે કરવામાં આવ્યો હતો. પ્રો. ડૉ. જગજીતસિંહ ચૌહાણ, પરસોત્તમભાઈ તલાટી તથા અન્યના સહયોગથી શારદા સંકુલમાં આ પુસ્તકાલય શરૂ કરવામાં આવ્યું છે.

## ૩. વેરાવળમાં રીડિંગ લાઇબ્રેરી

વેરાવળમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે કર્તવ્ય ફાઉન્ડેશન દ્વારા રીડિંગ લાઇબ્રેરી શરૂ કરવામાં આવી છે. આ પ્રસંગે મેરીટાઈમ બોર્ડના અધિકારી શ્રી ચૌધરી, મનોચિકિત્સક ડૉ. રૂચિર જાદવ, પ્રો. પુષ્પાબહેન વાઢેર વગેરે હાજર રહ્યા હતા. ફાઉન્ડેશન દ્વારા આગામી દિવસોમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે કોચિંગ ક્લાસ તથા માર્ગદર્શન સેમિનાર વગેરેનું પણ આયોજન છે.

## ૪. સોમનાથ મંદિર નજીક પુસ્તકાલય

પ્રભાસ પાટણમાં સોમનાથ ટ્રસ્ટ સંચાલિત યાત્રી સુવિધાકેન્દ્રમાં પુસ્તકાલય શરૂ કરવામાં આવ્યું છે અને તેને ઐતિહાસિક નવલકથાઓના મહાન લેખક કનૈયાલાલ માણેકલાલ મુનશીનું નામ આપવામાં આવ્યું છે. આ સાર્વજનિક પુસ્તકાલયનો હાલ ગીર સોમનાથ જિલ્લાના, સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી રહેલા ૩૦ થી વધુ વિદ્યાર્થીઓ લાભ લઈ રહ્યા છે. પુસ્તકાલયનો લાભ લેવા ઇચ્છતા વાચકોને ૯૯૭૮૬ ૧૪૦૨૩ મોબાઈલ નંબર પરથી માર્ગદર્શન મળી શકશે.

**- સંપાદન :- પંકજ બાવિશી**

# Ideal Sir

ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું સ્થાન વિશેષ રૂપે રહ્યું છે. માતા-પિતા કરતાં પણ ગુરુને વધુ માન-સન્માન આપવાના સંસ્કાર આપણને ગળથૂથીમાંથી જ આપવામાં આવે છે. ઉત્સવપ્રેમી પ્રજામાં ૫ સપ્ટેમ્બરનું મહત્ત્વ આ જ કારણથી વિશેષ છે, પણ વિધિની વક્રતા એ થઈ કે શિક્ષક દિનની ઉજવણી કરવાનો ઉત્સાહ વિષાદમાં ફેરવાઈ ગયો, જ્યારે પૂ. પટેલ સાહેબના નિધનના સમાચાર આવ્યા, પગ તળેથી ધરતી સરકી ગઈ હોય એવી શોકમિશ્રિત લાગણી ફરી વળી, પણ સત્ય સ્વીકારવું જ રહ્યું.

શ્રી પટેલ સાહેબ સાથે મારો પ્રથમ પરિચય કાંઈ વિશેષ ન હતો. વિદ્યાર્થી અને ગુરુજીનો પ્રાથમિક સંવાદ જ અમારી વચ્ચે રચાયો, પણ એમનું વ્યક્તિત્વ મારા માનસપટમાં એવું તો અંકિત થઈ ગયું કે તેઓ મારા 'Ideal Sir' બની રહ્યા. એડમિશન લેવા હું ૧૯૮૮માં ગયો ને એમને મળ્યો ત્યારે એમણે કહ્યું, 'તારું એડમિશન થઈ ગયું છે ને મેરીટ લિસ્ટ બોર્ડ પર મુક્યું છે' ત્યારે મારા આનંદનો પાર ન રહ્યો. એડમિશન મળ્યાનો હરખ અને માનનીય પટેલ સાહેબ જેવા ગુરુની વિદ્વતાનો લાભ મળવાની ઇંતેજારી.

અભ્યાસ શરૂ થયો ત્યારે ખ્યાલ આવ્યો કે સાહેબની ભણાવવાની પદ્ધતિ એટલી સરસ હતી કે કંટાળાજનક વિષય ક્યારે રસિક બની જતો એ ખબર જ ન પડતી. ક્લાસિફિકેશન (સી.સી. અને ડી.ડી.સી) અને શૈક્ષણિક ગ્રંથાલય વિષયો ભણાવતા. અને વિષયમાં એટલા ઊંડા ઉતરી જતા કે અમે પણ એ પ્રવાહમાં ખેંચાઈ જતા ને સમયનો ખ્યાલ ન રહેતો. મગજમાં જાણે સાહેબના શબ્દો છપાઈ જતા. યોગાનુયોગ M.L.I.Sc. ના થીસીસ માર્ગદર્શક તરીકે પણ મને માનનીય પટેલ સાહેબનો લાભ મળ્યો. એ મારી મોટી નસીબદારી ગણાય કે સાચી કારકિર્દીનો એ જ પાયો હતો, જેની પર આજે હું જે કંઈ છું એની મજબૂત ઇમારત ઊભી થઈ શકી છે. એમનો અભ્યાસ પ્રત્યેનો લગાવ, સમય પ્રત્યેની નિયમિતતા, કામ પ્રત્યેની નિષ્ઠા - આ બધું જ મને ભણવાની સાથે સાથે પ્રસાદી રૂપે મળતું રહ્યું અને મારા વ્યક્તિત્વનું ઘડતર સુપેરે થતું રહ્યું. અવારનવાર સાહેબના ઘેર પણ જવું પડે ત્યારે અતિથિદેવો ભવઃની ભારતીય સંસ્કૃતિનો સાક્ષાત્કાર જોવા મળ્યો ને સાહેબ તથા એમના કુટુંબીજનો પણ એવા જ આત્મીય કે કૌટુંબિક ઘરોબો બંધાઈ ગયો.

૧૯૯૦માં અંકલેશ્વર કૉલેજમાં ગ્રંથપાલ તરીકેની કામગીરી શરૂ કર્યા પછી જ્યારે જ્યારે મારે મોટા પ્રશ્નો ઊભા થાય એટલે તરત જ હું સાહેબને યાદ કરું. મને શાંતિથી સાંભળી સરળતાથી માર્ગદર્શન આપી મારા પ્રશ્નનું સમાધાન કરી આપતા. અહીં મને એમના વ્યક્તિત્વના આ એક અલગ પાસાંનો પરિચય થયો કે નિરાભિમાની અને સરળ વ્યક્તિત્વ એ પટેલ સાહેબનો એક ઉત્તમ ગુણ કહી શકાય.

યોગાનુયોગ નવેમ્બર ૧૯૯૪માં મેં કરજણ કૉલેજમાં ગ્રંથપાલ તરીકે અરજી કરી અને ઇન્ટર્વ્યુમાં જોયું કે પટેલ સાહેબ બેઠા છે ત્યારે મને ગુરુ દ્રોણ અને અર્જુન યાદી આવી ગયા. મારામાં મૂકેલો વિશ્વાસ સાચો પડવાનો આ જ અવસર હતો. સંપૂર્ણ આત્મવિશ્વાસથી મેં ઇન્ટર્વ્યુ આપ્યો અને અજાણતાં જ સાહેબને સંતોષ આપ્યો કે આપણો વિદ્યાર્થી આપણા જ પંથે છે અને મારી નિમણૂંક થઈ ત્યારે સાહેબના ચહેરા પર પણ એ જ સંતોષ જોવા મળ્યો જેનો મને ખૂબ આનંદ છે.

એ પછી ઑક્ટોબર ૧૯૯૫માં ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી, નડિયાદની જાહેરાત આવી ને અરજી કરી. ત્યારે પણ માનનીય પટેલ સાહેબ જ મારા પરીક્ષક રહ્યા. એકાગ્ર વિદ્યાર્થીની જેમ એમને સાચા જવાબો આપી ગુરુદક્ષિણા આપ્યાનો સંતોષ મેળવ્યો ને મારી પસંદગી પણ થઈ ગઈ. ભલા પટેલ સાહેબનો વિદ્યાર્થી ક્યાંય નિષ્ફળ જાય ખરો ?

આટલા વર્ષોથી આટલી ખંતપૂર્વક કામગીરી કરવા છતાં સાહેબ ક્યારેય થાકેલા જોવા મળ્યા નથી. ગ્રંથાલય સેવા સંઘનું કામ હોય કે કોઈ સામાન્ય વિદ્યાર્થીઓનો પ્રશ્ન હોય. સાહેબ એટલી જ સરળતાથી એ પ્રશ્નોના નિરાકરણ લાવી આપે અને હંમેશા કહે; 'તું ચિંતા ન કર. બધું સરસ થઈ જશે. હું બેઠો છું ને.'

આમ, એમના પ્રભાવશાળી અદ્‌ભુત વ્યક્તિત્વમાંથી ઘણું બધું જાણવાનું, શીખવાનું અને જીવનમાં ઉતારવાનું ભાથું મળ્યું છે. તેમના કાર્યોની મહેક અને સ્મૃતિ આપણને આપતા ગયા છે. જેને જાળવી રાખવાનું કામ આપણા સૌનું છે. એ જ એમના માટેની સાચી શ્રદ્ધાંજલિ ગણી શકાય. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગત આત્માને શાશ્વત શાંતિ આપે તેમજ તેમના પરિવારજનોને આવી પડેલ દુઃખ સહન કરવાનું સામર્થ્ય બક્ષે તેવી અભ્યર્થના સાથે...

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

**ડૉ. સી. કે. પટેલ**

**– ધર્મસિંહ દેસાઈ યુનિવર્સિટી, નડિયાદ**

## વ્યક્તિ એક વ્યકિતત્વ અનેક

કેટલીક વ્યક્તિઓ ધૂમકેતુના તારાની જેમ સદૈવ ઝગમગતી જ રહે છે. શ્રી પટેલ સાહેબ એમાંના એક હતા. પિતાતુલ્ય એવા વંદનીય સહૃદયી ગુરુ કે જેમણે કેટલાંય વિદ્યાર્થીઓની જિંદગીને સંવારી છે એવા સાચા અર્થમાં જે 'શિક્ષક' હતા એમને ઈશ્વરે પોતાની પાસે બોલાવી લીધાના સમાચાર મળતાં જ ઘડીભર મગજમાં શૂન્યાવકાશ છવાઈ ગયો. મનને સ્વસ્થ બનાવી ફરીથી માહિતી મેળવી. 'ન જાણ્યું જાનકીનાથે, સવારે શું થવાનું છે.' એનો પ્રત્યક્ષ અનુભવ થયો. ને આ દુઃખદ સમાચારથી પગ તળેથી ધરતી સરકી ગયાનો અહેસાસ અનુભવ્યો.

પૂ. સાહેબના આ અચાનક અવસાનથી ગુજરાત ગ્રંથાલય જગતને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. પૂ. પટેલ સાહેબ એક આદર્શ અને બહુવિલક્ષણ ગ્રંથાલયશાસ્ત્રી હતા. એમના સંસ્મરણો મનમાં અનેક રીતે ઊભરાય છે. મારા જીવનઘડતરમાં એમની ભૂમિકા અવિસ્મરણીય રહી છે. સાહેબનો મિલનસાર સ્વભાવ, મૈત્રીપૂર્ણ સ્મિત, હકારાત્મક અભિગમ, કર્મનિષ્ઠ વર્તાવ, સેવા પરાયણતા અને ઉદ્યમશીલ વ્યક્તિત્વ મારા માટે અને મારા જેવા અનેક માટે દિવાદાંડી બની રહેશે.

પટેલ સાહેબનો પરિચય સૌ પ્રથમ ૧૯૮૭માં હું B.L.I.Sc. ના અભ્યાસક્રમમાં જોડાઈ તે વખતેજ થયેલો. પૂ. સાહેબ ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનનું પ્રમાણમાં અઘરું અને કંટાળાજનક કહી શકાય તેવું વર્ગીકરણનું પેપર ભણાવતા. આ નિરસ પેપરને સાહેબે સરળ શૈલી અને આત્મીય છતાં કડક વલણથી એટલું રસમય બનાવ્યું કે આજે પણ મારા ગ્રંથાલયમાં પુસ્તકોનું વર્ગીકરણ કરતી વખતે એમનો એ ભણાવતો ચહેરો તાદશ થાય છે. મારી દૃષ્ટિએ તો તે ગુજરાતના 'વર્ગીકરણ પિતામહ' કહી શકાય.

પુરુષાર્થનો પર્યાય એટલે પટેલ સાહેબ... હંમેશા ગળાડૂબ કામમાં વ્યસ્ત જ હોય. મારા અભ્યાસકાળ દરમિયાન બરોડિયા સાહેબની નાદુરસ્ત તબિયતને કારણે પટેલ સાહેબ વર્ગીકરણની સાથે સાથે સૂચિકરણનું પેપર પણ ભણાવતા. આમ ગ્રંથાલયની વહીવટીય કામગીરી તથા ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગની બેવડી જવાબદારી હોવા છતાં સાહેબ સમયસર ક્લાસમાં ન આવે એવું ભાગ્યે જ બન્યું છે. એટલું જ નહીં, આપણે ક્યાંક મૂંઝાયેલા હોઈએ ને પૂછવા જઈએ ત્યારે ધીરજ અને શાંતિથી સાંભળે અને માહિતીસભર સંતુષ્ટ નિરાકરણ કરી આપે. મારો અભ્યાસ જેમ જેમ આગળ વધતો ગયો તેમ તેમ સાહેબના વ્યક્તિત્વના અનેક ઉજ્જ્વળ પાસાં ઉઘડતાં ગયા.

M.L.I.Sc. ના શોધનિબંધ અનુસંધાને સાહેબને ઘેર જવાનું ઘણીવાર બનતું. આ દરમિયાન એમના કુટુંબીજનોનો પણ નિકટથી પરિચય થયો. "અતિથિ દેવો ભવઃ"ની ભારતીય પરંપરાના સાચા અર્થમાં મને અહીં દર્શન થયાં, બંને પુત્રો નીરજ અને ધવલ સહિત સમગ્ર કુટુંબની સહૃદયતા અને વત્સલતાનો અનુભવ થયો એ મારું અહોભાગ્ય ગણું છું. એક સંવેદનશીલ ઉલ્લેખ કરું કે સાહેબ અને એમના ધર્મપત્ની મુ. ભારતીબહેનની અંદરોઅંદર પણ સહજીવનની સાયુજ્યતા એટલી ગહન હતી કે સાહેબના અવસાનના ટૂંક સમયમાં જ 'માસી' એ પણ પતિ પગલે સ્વાર્ગારોહણ કર્યું. જવલ્લે જ જોવા મળે એવા અતૂટ પ્રેમનો દાખલો અહીં જોવા મળ્યો.

અંતમાં પ્રમાણિકપણે એ કબૂલાત કરવી જ રહી કે સાહેબે જે માર્ગદર્શન આપ્યું એ તો કોઈપણ શિક્ષકની ફરજના ભાગ રૂપે હતું, પણ વિષય સિવાયનું જે નૈતિક વ્યાવહારિક જ્ઞાન આપ્યું એ મારા ચારિત્ર્ય ઘડતરના અગત્યના સ્તંભ બની રહ્યા. આજે પણ મારી નિયમિતતા, સમય પ્રત્યેની સજાગતા, કામની નિષ્ઠા - આ બધાંનો યશ હું નમ્રપણે પટેલ સાહેબને આપું છું અને ગુરુનો ઋણ સ્વીકાર કરવાની તક ઝડપું છું.

સાહેબ આજે આપણી વચ્ચે નથી છતાં સાથે જ છે એવો સતત ભાસ થયા કરે છે. એમની સાથેની વાતોના એમના સચોટ માર્ગદર્શનના ભણકારા વાગ્યા કરે છે ને યાદોમાં દર્શન થાય છે ત્યારે ખ્યાલ આવે છે કે મારા જેવા અનેક વિદ્યાર્થીઓના ઘડતરમાં એમનો એટલો મોટો ફાળો છે કે આ અનુભૂતિ અનેકને થતી જ હશે. એમના સત્કર્મો અને સાચા શિક્ષકની આભાએ અનેકના દિલમાં એમને જીવિત રાખ્યા છે. એમાં સૌ સંમત થશે જ. પરમ કૃપાળુ પરમાત્મા એમના દિવ્ય આત્માને ચિર શાંતિ આપે એજ પ્રભુપ્રાર્થના.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

**ડૉ. મયૂરી પટેલ**

**– ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગર.**

---

ભાઈ શ્રી ચિ નિરજ, ચિ. ધવલ

અમારા ગુરૂવર્ય વડીલ શ્રી રમણભાઈ એલ. પટેલ સાહેબના દુઃખદ અવસાન થયાના સમાચાર ને હજું થોડાં દિવસ થયાં, ત્યાં આપના માતુશ્રી અને મારા સહાધ્યાયી ભારતીબેનના દુઃખદ અવસાન થયાના સમાચાર જાણી ઊંડા શોકની લાગણી અનુભવી છે....!! સ્વર્ગસ્થ માયાળુ પ્રેમાળ અને સૌ કોઈને ઉપયોગી થવાની ભાવનાવાળા હતાં. તેમનો માયાળુ સ્વભાવ હંમેશા ચિરઃ સ્મરણીય બની રહેશે. યુનિવર્સિટીના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન ભવનના અમારા સહાધ્યાયીઓ અને વિદ્યાર્થી બંધુઓએ આ અચાનક દુઃખદ સમાચાર જાણીને સ્તબ્ધતા અનુભવી છે અને સૌ એ અશ્રુભરી શ્રદ્ધાંજલિ આપી છે. સદ્ગતના અવસાનથી આપના પરિવાર ઉપર આવેલા આઘાતને સહન કરવાની અને તેમના પાવન આત્માને ચિરઃ શાંતિ મળે તેવી પરમ કૃપાળુ પરમાત્મા ને પ્રાર્થના.

પરિવારમાં ભાઈશ્રી ધવલ અને અન્યોને અમારા વતી દિલસોજી પાઠવશોજી.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

- દિલીપભાઈ ભટ્ટ અને ડૉ.રાજેશ ત્રિવેદી

**લાઈબ્રેરી એસોસિયેશન-ગુજરાત(રજિ.), રાજકોટ.**

# સંવાદ સેતુ

પ્રિય ગ્રંથપાલ મિત્રો,

આપની તથા આપના પરિવારની ક્ષેમકુશળતા ચાહતા અમો સૌ કુશળ છીએ. (લાફો મારી ગાલ લાલ રાખવા જેવી વાત છે.) ખેર જે તકલીફ કે મુશ્કેલી કે દુઃખ હોય તેને દૂર કરવાનો પ્રયત્ન જ તેનો સાચો ઉકેલ છે. પરંતુ તેનાથી ગભરાઈ, તેનાજ વિચારો આવ્યા કરશે તો કદી પણ આવેલ તકલીફો દૂર થતી નથી.

ડિસેમ્બર-૨૦૧૯થી ડિસેમ્બર-૨૦૨૦ સુધીનો એક વર્ષનો સમયગાળો 'ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ' માટે અત્યંત ખરાબ રહ્યો. તા. ૧૯-૧૨-૨૦૧૯ના રોજ આપણાં સંઘના પ્રમુખ મુરબ્બી શ્રી કિરીટભાઈ કે. ભાવસાર આપણને સૌને છોડી પરમકૃપાળુ પરમાત્માના ચરણોમાં શરણ મેળવવા ચાલ્યા ગયા. સંઘનો મોભ ગયો. તેમના વિશે જેટલું લખી શકાય તેટલું ઓછું લાગે. અહીં વધુ લખતા નથી, કારણ કે આ અંકમાં તેમના જીવનચરિત્રને વિસ્તૃત રીતે વિવિધ લેખકો દ્વારા આપવામાં આવેલું છે. માટે એકની એક વાતને દોહરાવવાનો દોષ લેવો નથી, પણ એટલું તો જરૂર કહીશું કે, કિરીટભાઈ ભાવસારના જવાથી ચોક્કસપણે સંઘને ન પૂરાય તેવી ખોટ પડી છે. આમાં અમોને વ્યક્તિગત રીતે પણ એટલી જ ખોટ પડી છે.

જાન્યુઆરી માસના છેલ્લા અઠવાડિયામાં સંઘનો ત્રિદિવસીય સેમિનાર રંગેચંગે પૂર્ણ થયો. જેમ લગ્ન પહેલા અને પૂરા થયા પછીની અનેકવિધ; કામગીરી કરવાની હોય છે તેમ હું (પંકજબાવિશી) રમણલાલ અને કિરીટભાઈ આ કાર્યમાં રત હતા. અચાનક સમગ્ર વિશ્વ કોરોનાની ઝપટમાં આવી ગયું. કોવિડ-૧૯ વિશે વધારે લખવાની જરૂર નથી. બધાં તેના વિશે તથા તેના પરિણામને સારી રીતે જાણે છે. ન કહી શકાય કે ન સહી શકાય તેવી વાત બની.

તા. ૨૫ ઓગસ્ટની આસપાસ હું (પંકજ બાવિશી) રમણભાઈ પટેલના ઘેર સંઘના કામ અંગે ગયેલો ત્યારે તેમની તબીયત બરાબર ન હતી. ચીકનગુનીયા છે તેવી વાત હતી અને આગળ જતાં કોરોના નીકળ્યો ને આની ઝપટમાં આવી, તા. ૫મી સપ્ટેમ્બર-૨૦૨૦ (શિક્ષક દિવસ)ના દિવસે આ 'વન આર્મી મેન' એ આ ફાની દુનિયા અચાનક છોડી દીધી. માન્યામાં ન આવે તેવી વાત બની ગઈ, પરંતુ વાસ્તવિકતા તો આખરે સ્વીકારવી જ પડે છે ને ? આમ'ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ'નો બીજો આધાર સ્તંભ તૂટી પડ્યો. સ્વ. કિરીટભાઈ ભાવસારની ક્ષતી અમે પૂરી કરવાનો પ્રયત્ન કરી રહ્યાં હતા ત્યારે હોડીનો નાવીક જ ખૂદ ડૂબી ગયો. બધાંને નોંધારા બનાવીને બ્રહ્માંડવાસી બની ગયો. સ્વ. રમણભાઈ ૭૫ વર્ષે ગયા, પરંતુ તેમણે અમારા જેવા બની અમારી સાથે ખભે ખભા મિલાવીને કરેલ કાર્યને ક્યારેય વિસરી શકાશે નહિં. તેમની જીવનસારણી આ અંકમાં શ્રદ્ધાંજલિ રૂપે અન્ય લેખકશ્રીઓ દ્વારા આપવામાં આવી છે, માટે તેનું પુનરાવર્તન નથી કરવું, પરંતુ એટલું તો ચોક્કસ કહીશું કે, "હું નાનો તું મોટો, ખ્યાલ જગતનો ખોટો" આ વાક્યને સાર્થક કરતા ગયા છે.

"સંઘના સર્વે સભ્યો, વ્યક્તિગત સ્વરૂપે અમો તથા સંઘ વતી બન્નેને ભાવાંજલિ."

| | | |
|---|---|---|
| પંકજકુમાર એમ. બાવિશી<br>પ્રમુખ | કિરીટકુમાર બી. ગંધકવાલા<br>મંત્રી | હિમાંશુભાઈ ટી. પાંધી<br>ખજાનચી |



# LIBRARIES OF MY CONCEPT

Knowledge cannot be attained without self sacrifice. India is poor and its wants are many; but this is a condition to be resolutely faced, as other nations have faced it in the past and as many others must face it in the future. The people must rise superior to their circumstances and realise that more knowledge is their greatest need, their greatest want. They must be brought up to love books, not simply attractive bindings or pretty pictures, but their contents. They must be taught to regard books as a part of their lives. Libraries will not then appear a luxury, but a necessity of existence.

For the want of mental sustenance we lose many of the pleasures and opportunities that God has placed at our disposal. All of our faculties are not developed. We must educate them and teach others to do the same, that is what libraries are for the numbers who avail themselves of the opportunities offered may be few, but that should not descourage those who, like many of you, are workers in libraries. Your duties and responsibilities are great, greater even than those of magistrates and *Subas.** You are the servants of the whole community. You must induce them to read more and more books. Particularly the children – who are the hope of the future generations. Mr. Borden realises the importance of this phase of the work as well as I do, and I have no doubt that his idea will be well carried out by his staff. I have no desire, therefore, to labour the point. One other thing however I would urge upon you the importance of the sympathetic and polite treatment of all readers, whatever their condition. I advise library workers to bear this continually in mind, a on this depends the complete success of the library work.

**Sayajirao Gaekwad**

(Sir Syajirao Gaekwad – At a meeting of the
Baroda Central Library Club on October 29th 1912)

* Administrative Heads of Districts.

**Thanks to Pratapbhai Maheta**